પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૫/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૩૬


**સુવિચાર**

ઉચ્ચ કે નીચ કે સામાન્ય કૂળમાં જન્મ થવો એ ભાગ્યને આધીન હોય છે. તેમ છતાં શ્રેષ્ઠ બનવું તે આપણા હાથની વાત છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)

૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## મામલતદાર જાનવીબા જાડેજાએ માટી ભરેલ ૩ ડમ્પર ઝડપી લીધા

# બાબરા પંથકમાં ખનિજ ચોરી કરનાર સામે તંત્રની લાલ આંખ

**સુજલામ સુફલામ યોજનાનો દુરુપયોગ કરનારને છોડવામાં નહી આવે તેવી તંત્રની ચીમકી**

**નદી, તળાવ અને ખાલી ડેમ વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં ખનિજ ચોરી થતી હોવાની ફરિયાદ ઉભી થઈ રહી હતી**

**ક્યાંક તંત્રની મીઠ્ઠી નજરતળે પણ ખનિજ ચોરી થતી હોવાની ચર્ચાઓ થતી હતી**

**ખેડૂતોનાં હિતમાં શરૂ થયેલ યોજનાનો લાભ લેવા અનેક શખ્સો સક્રીય બન્યા હતા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરામાં ખનિજ ચોરી કરતા તત્વો પર મામલતદાર દ્વારા ગત મોડી રાત્રે રેડ કરી ત્રણ જેટલા માટી ભરેલા ડમ્પરને પકડી લેતા માટી ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાય ગયો છે.

બાબરામાં નદી, તળાવ અને ખાલી ડેમ વિસ્તારમાં મોટા પ્રમાણમાં માટીની ચોરી કરવામાં આવી રહી છે. કયાંય તંત્રની મીઠ્ઠી નજર હેઠળ તો કયાંક છાને ખૂણે માટીનો કારોબાર ચાલી

અનુસંધાન પાના ૬ ઉપર

## વર્ષોથી ચાલતા રૂટની બસ પણ ધડાધડ બંધ થઈ રહી છે

# લ્યો બોલો : બગસરા એસ.ટી. ડેપો દ્વારા મુસાફરોનાં હિતમાં નવા રૂટ શરૂ કરવામાં ઠાગાઠૈયા થતાં રોષ

**જનપ્રતિનિધિઓ અધિકારીનો કાન આમળતાં ન હોવાથી પરેશાની વધી**

બગસરા, તા. ૨૧

બગસરા એસ.ટી. ડેપો દ્વારા અનેક રૂટ બંધ કરાતા પેસેન્જરોને ધોમ ધખતા તાપમાં ખુલ્લા વાહનનો સહારો લેવા મજબૂર થવું પડી રહેલ છે. જેમાં સવારની બગસરા–રાજકોટ વાયા વડીયા, સવારે સાતની બગસરા–વડીયા વાયા બાલાપુર, માંવજીજવા અને વડીયાથી મેઘાપિપલિયા વાયા બગસરા અને બગસરા–ધોરાજી, ધોરાજી–બગસરા જેવી અનેક બસો બંધ કરી અણઘણ વહીવટ કરી લોકોને હેરાન પરેશાન કરી મુકેલ છે. ત્યારે બગસરાથી સવારના સમયમાં બાલાપૂર માવજીંજવા જવા એકમાત્ર બસ હતી તે પણ ખબર નહિ

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : સમીર વિરાણી–બગસરા


જગ્યા ભાડે આપવાની છે
બેંક, હોસ્પિટલ, ટ્યુશન કલાસિસ માટે પહેલા માળે ૬ રૂમ વાળી વિશાળ જગ્યા ભાડેથી આપવાની છે.
અશોકભાઈ હિંમતલાલ જોષી
પટેલ વાડી ગેઇટ સામે, અમરેલી રોડ, ધારી.
સંપર્ક નંબર : ૯૪૨૬૨ ૭૯૬૮૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,750/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઇલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો

0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૪, મો. ૯૪૨૮૪ ૫૯૫૪૭

ગુજરાતી માધ્યમ
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
કાર્યક્ષેત્ર ધો. 6 થી 12 (સાયન્સ/કોમર્સ)
કેરિયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855
JEE (MAINS + ADVANCED) તથા NEET
ની સ્પેશિયલ તૈયારી માટે રાજકોટની ફેકલ્ટી ટીમ હવે " ઓક્સફર્ડ સ્કુલ - અમરેલીમાં "
★ JEE તથા NEET ની 100% સંપુર્ણ તૈયારી.
★ JEE તથા NEET ની તૈયારી માટે હવે અન્ય મોટા શહેરોમાં જવાની જરૂર નથી
★ JEE/NEET સ્પેશિયલ ફેકલ્ટી ટીમ ★
કેમેસ્ટ્રી - જીજ્ઞેશ સર (ALLEN રાજકોટ)
ફિઝીક્સ - મહેશ સર (ALLEN-ફિનોલ રાજકોટ)
ગણિત - વિશાલ સર (ALLEN રાજકોટ)
★ ઓક્સફર્ડ સ્કુલના સમર્થ અને સમર્પિત શિક્ષકોની ટીમ ★
ગણિત - મયુરભાઈ ગજેરા
કેમેસ્ટ્રી - નિલેષભાઈ ગજેરા, મૌલિકભાઈ બાંભરોલીયા, રવિભાઈ કોટડીયા
ફિઝીક્સ - ભાવેશભાઈ દેસાઈ, અનંતભાઈ ધાણની, જીજ્ઞેશભાઈ પૈજા
બાયોલોજી - ભાવેશભાઈ કાતરીયા, યોગેશભાઈ ભેસાણીયા
ધો. 11 સાયન્સમાં પ્રવેશ કાર્ય શરૂ છે...
શાળા કેમ્પસમાં જ અદ્યતન હોસ્ટેલ સુવિધા

## કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં દિગ્ગજ આગેવાનોનું નિવેદન


# ભારતમાં આગામી ૧૫ દિવસ બાદ ''ઈન્ડિયા'' સરકાર

**કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રવકતાએ પત્રકાર પરિષદ યોજીને ''ઈન્ડિયા'' ગઠબંધનની ૩૦૦ કરતાં વધારે બેઠકો આવશે તેવો કર્યો દાવો**

**આમ આદમી પાર્ટીનાં સર્વેસર્વા અરવિંદ કેજરીવાલે વિડીયો વાયરલ કરીને ઈન્ડિયાની ૩૦૦ બેઠકો આવી રહ્યાનું જણાવ્યું**

**રાહુલ ગાંધી, અખિલેશ, તેજસ્વી, ઉધ્ધવ સહિત તમામ વિપક્ષી નેતાઓ ઈન્ડિયાની સરકાર બની રહી છે તેવું જણાવે છે**

**જો કે વિપક્ષી નેતાઓનો દાવો કેટલો સાચો રહેશે તે તો આગામી ૪ જૂનનાં રોજ ખબર પડશે**










અમરેલી, તા. ૨૧

સમગ્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતાં ભારત દેશમાં દેશની સર્વોચ્ચ પંચાયત ગણાતી લોકસભાની ૫૪૩ બેઠકો માટેની ૭ તબકકાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે અને પાંચ તબકકામાં ૪૨૯ બેઠકોનું મતદાન પૂર્ણ થયું છે અને આગામી ૨૫ મે અને ૧લી જૂનનાં રોજ ૫૭–૫૭ બેઠકોનું મતદાન પૂર્ણ થશે અને ૪ જૂનનાં રોજ મત ગણતરી પ્રક્રિયા હાથ ધરાશે.

દરમિયાનમાં ગઈકાલે કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રવકતા ગુલદીપ સંપનને ચંડીગઢ ખાતે યોજેલ પત્રકાર પરિષદમાં ઈન્ડિયા ગઠબંધનનો ૩૦૦ કરતાં વધારે બેઠક ઉપર વિજય થશે અને ૪ જૂન બાદ દેશમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર રચાશે.

બીજી તરફ આજે સવારે આમ આદમી પાર્ટીનાં સર્વેસર્વા અરવિંદ કેજરીવાલે પણ સોશ્યલ મીડિયામાં વિડીયો મેસેજ વાયરલ કરીને જણાવેલ છે કે, ૪ જૂન બાદ દેશમાં ઈન્ડિયાની સરકાર બનશે, ઈન્ડિયા ગઠબંધનને ૩૦૦ કરતાં વધારે બેઠકો મળશે.

જો કે ઈન્ડિયા ગઠબંધનનાં નેતાઓ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ, ઉધ્ધવ ઠાકરે સહિત તમામે આત્મ વિશ્વાસ સાથે દાવો કરેલ છે કે દેશમાં આગામી સરકાર ''ઈન્ડિયા'' ગઠબંધનની બનશે.

જો કે દેશની જનતા ઉત્સાહભેર મતદાન કરી રહી છે ત્યારે જનતા કોના પર પસંદગીનો કળશ ઢોળશે તે માટે ૪ જૂનનાં રોજ યોજાનારી મત ગણતરીની રાહ જોવી રહી.

---

### ''સબ ભૂમિ ગોપાલ કી'' સમજીને

# જાફરાબાદનાં દરીયાઈ ખાડી વિસ્તારમાં ક્રિકેટ રમવાનું મેદાન બનાવવાનો પ્રયાસ

**પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારીએ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૧

જાફરાબાદ શહેરના નવા પુલની બાજુમાં સામાકાંઠા વિસ્તારમાં આવેલ સરકારી જમીનમાં કોઈ અજાણ્યા ઈસમે કોઈપણ જાતની વહીવટીતંત્રની મંજુરી મેળવ્યા વિના દરીયાઈ ખાડીના કિનારે ક્રિકેટનું મેદાન બનાવી નાંખી તેમજ બનાવેલ ક્રિકેટના મેદાનની ત્રણ બાજુએ ૨.૫ થી ૩ ફુટ ઉંચાઈના માટીના પાળા પણ બનાવી નાંખી દરીયાઈ ખાડીના કુદરતી પ્રવાહને આવતો રોકીને તેમજ આ મેદાન માટે આ વિસ્તારમાં આવેલ મેન્ગ્રુવના ઝાડ કાઢી નાખીને નોટીફીકેશનનો ભંગ કરીને



અજાણ્યા શખ્સોએ ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ભાવનગરના પ્રાદેશીક અધિકારી અલ્કેશકુમાર જગદીશભાઈ રાઠોડે જાફરાબાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### સંતાનોનાં લગ્ન માટે રૂપિયા લીધા

# વડિયાના બરવાળા બાવીશી ગામનાં ખેડુતને વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડયુ

**૧૨ વિઘા જમીન ગીરવે મુકી અને તેમા ૭ વિઘા જમીન ફસાઈ**

અમરેલી, તા. ૨૧

વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામે રહેતા મંજુલાબેન માવજીભાઈ બાવીશીના પતિ માવજીભાઈએ પોતાના સંતાનોનો લગ્ન કરવા માટે થઈ રાજકોટ રહેતા આરોપી હમીરભાઈ રાહાભાઈ શીયાળીયા પાસેથી રૂપિયા ૧૨ લાખની રોકડ રકમ માસીક ઉંચા વ્યાજ દરે ૫% લેખે લીધી હતી. અને તે આ રકમની સિક્યોરીટી પેટે તેણીના પતિ પાસેથી આરોપીએ ખેતીની ૧૨ વિઘા જમીનનો ગીરો ખતની બદલીમાં જમીનનો વેચાણ ખત લખાવી લીધેલ હતો. બાદ તેણીના પતિએ આરોપીને રૂપિયા ૧૨ લાખની રકમનુ માસીક ૫% વ્યાજ સહીત કુલ રૂપિયા ૪૦,૮૦,૦૦૦ ની રોકડ રકમ ચુકવી આપેલ હતી.

ત્યારબાદ આરોપીએ તેણીના પતિને ગીરોખત રદ કરવાનુ કહી અને ગીરોખતની જગ્યાએ આરોપીએ ૧૨ વિઘા ખેતીની જમીનનો દસ્તાવેજ કરાવી લીધેલ હોય, તે પૈકી પાંચ વિઘાનો જમીનનો દસ્તાવેજ તેણીને કરી આપેલ હતો. તેમજ બાકી રહેતી ૭ વિઘા જમીનનો દસ્તાવેજ બાબરા તાલુકાના ત્રંબોડા ગામે રહેતા આરોપી ભગવાનભાઈ લવજીભાઈ કાચાને કરી આપેલ હતો. બાદમાં આરોપી ભગવાનભાઈ તેણીને કહેલ કે, આ ૭ વિઘા જમીનમાં કોઈ આવતા નહી તેમ કહી મહિલાને ધક્કો મારી અને તેણીના ના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તથા આરોપી પ્રેમજીભાઈ (રહે. ઢોલરવા) તથા કાળુભાઈ બચુભાઈ ડેર (રહે. બરવાળા બાવીશી)એ તેણીની જમીનમાં વાવેતર કરેલ લીલા પાકનું રૂ. ૬૦,૦૦૦ નુકસાન કર્યાની ફરિયાદ વડીયા પોલીસમાં નોંધાય છે.

---

### વિકસિત અને મોડેલ રાજયનાં ગ્રામ્ય વિસ્તારની વાસ્તવિકતા

# દેકારો : સાવરકુંડલાનાં ગાધકડા ગામે કાળઝાળ ગરમી વચ્ચે પીવાનુ પાણી ન મળતાં ગામજનોમાં નારાજગી

**નર્મદાનુ પાણી ન મળતાં મહિલાઓએ તંત્રના નામના છાજીયા લીધા**



અમરેલી, તા. ૨૧

સાવરકુંડલાનાં ગાધકડા ગામે કાળઝાળ ગરમી વચ્ચે ગામજનોને પીવાનુ પાણી મળતુ ન હોય ગામજનોમાં ભારે નારાજગી ઉભી થઈ છે અને મહિલાઓ વહીવટી તંત્રના નામનાં છાજિયા લીધા હતા.

અત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે તાજેતરમાં લોકસભાની ચૂંટણીઓ દરમિયાન ઉમેદવારો દ્વારા વચનોની લહાણી કરનારા લોકોએ પીવાના પાણી માટે કોઈ અસરકારક રજુઆત નહીં કરતાં સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે પીવાના પાણી માટે સ્થાનિકોમાં રોષ ભભુકી ઉઠયો છે. ત્યારે ઉનાળામાં જ નર્મદાનું પાણી ગાધકડા ગામમાં નહી મળતા સ્થાનીક મહિલાઓએ વહીવટી તંત્રના નામનાં છાજીયાં લીધા હતા.

આ બનાવમાં મળતી વિગત મુજબ ઉનાળાના દિવસો દરમિયાન સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે પીવાના પાણી સંઘર્ષ કરવો પડતો હોય, ત્યારે નર્મદાનું પાણી ગાધકડા ગામમાં નહી મળતા સ્થાનીક મહિલાઓએ પીવાના પાણીના ટાંકા પાસે આવીને મહિલાઓએ હૈયાવરાળ વેદનાઓ વ્યક્ત કરી અને વહીવટીતંત્રના નામનાં છાજીયાં લીધા હતા. અને ગાધકડા ગામના કુવામાં દૂષિત પાણીને લઈને સ્થાનિકોએ હંગામો મચાવ્યો હતો.

---

## સાવરકુંડલાના સામાજિક કાર્યકર મોહસીન ધાનાણીનો આજે જન્મદિવસ

સાવરકુંડલા તા. ૨૧

સાવરકુંલાના સામાજિક કાર્યકર અને સાવરકુંડલા ભાજપના આગેવાન અને અમરેલી સૌરાષ્ટ્ર લાઈફ લાઈન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને અભિયાન સેવા ટ્રસ્ટના સભ્ય મોહસીન ધાનાણીનો આજે જન્મ દિવસ હોઈ અને લોકો માટે પડતી મુશ્કેલીમાં હંમેશા સાથે રહેનાર અને શિક્ષણ ક્ષેત્ર ની સાથો સાથ આરોગ્યને લગતી કોઈ પણ તકલીફ કે મદદની જરૂર હોય તો ત્યાં પણ સેવા અર્થે પહોચી વળે છે આ સિવાય ગરીબ દર્દીઓને ફ્રુટ વિતરણ દવા પૂરી પાડવાની મૂક મને થતી સેવા પણ સમગ્ર સમાજ માટે પ્રેરણા રૂપ છે સ્થાનિક લેવલે



સેવા કરતી અનેક સામાજિક સંસ્થા સાથે પણ સંકળાયેલા હોવાના કારણે વિશાળ મિત્ર વર્તુળ ધરાવે છે અને તમામ ક્ષેત્ર તમામ સમાજના લોકો સાથે પોતે ઘરોબો છે આજ સગા સ્નેહીઓ તેમના મો.નં. ૯૮૯૮૫ ૩૫૪૭૯ પર આજ તેમના જન્મદિનની શુભકામનાં પાઠવી રહ્યા છે.

---

### ૨૪ એપ્રિલનાં રોજ બપોરનાં સમયે

# દામનગરની શ્રધ્ધાબેન પ્રવિણભાઈ મકવાણા નામની દિકરી ગુમ થયેલ છે

**દિકરી અંગે જાણકારી હોય તો પોલીસનો સંપર્ક કરો**

અમરેલી, તા. ૨૧

દામનગરના સીતારામનગરમાં રહેતા પ્રવિણભાઈ ભીખાભાઈ મકવાણાની દિકરી શ્રધ્ધાબેન (ઉ.વ. ૨૭) ગત તા. ૨૪ એપ્રિલનાં રોજ બપોરનાં અઢીથી ત્રણ વાગ્યા વચ્ચે નીચેના રૂમમાં સુવા જાવ છું તેમ કહી પોતાની



રીતે કયાંક જતી રહી હોય દિકરીનાં પિતાએ દામનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ છે.

દામનગરમાંથી ગુમ થયેલ ઉપરોકત દિકરી અંગે કોઈને પણ કાંઈ જાણકારી હોય તો દામનગર પોલીસ સ્ટેશનનાં (૦૨૭૯૩ ૨૨૨૦૧૯) પર સંપર્ક કરવા જણાવાયું છે.

---

# ધારી ખાતે પુ. મુકતાનંદબાપુનાં ૬૬માં જન્મદિન નિમિત્તે મહા રકતદાન કેમ્પ યોજાયો






ચાપરડા સ્થિત પૂજય મુક્તાનંદબાપુના ૬૬ માં જન્મદિવસ નિમિત્તે તારીખ ૧૦ ૫ થી ૨૫ ૫ સુધી સૌરાષ્ટ્ર ગુજરાત તેમજ વિદેશોમાં પણ બાપુના જન્મદિવસ નિમિત્તે અલગ અલગ જગ્યાએ બ્લડ કેમ્પ સર્વરોગ નિદાન કેમ્પ રક્ત તુલા સહિતના આયોજનો પૂજય બાપુના શિષ્યો દ્વારા યોજાઈ રહ્યા છે ત્યારે ધારી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ ધારીના પત્રકાર અરવિંદભાઈ દવે દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ આ કેમ્પમાં પૂજય મુક્તાનંદ બાપુ ખાસ ઉપસ્થિત રહેલ તેમજ આ કેમ્પનો અધ્યક્ષ સ્થાન ધારીગીર પૂર્વના ડીસીએફ રાજદિપસિંહ ઝાલા રહેલ આ તકે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પણ સાયબર ક્રાઈમ દ્વારા થતા ગુનાઓના માહિતી આપવામાં આવેલ આ કેમ્પમાં સાવરકુંડલા માનવ મંદિરના ભક્તિરામ બાપુ ચલાલા ગાયત્રીધામના રતિદાદા તેમજ મુંબઈથી ધારીના દાનવીર રમેશભાઈ રામાણીના પ્રતિનિધિ પિયુષભાઈ બજેરીયા અમરેલી જીલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ ઈતેશ મહેતા, તથા ધારીના પી.આઈ એ.એમ. દેસાઈ દ્વારા દિપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ આ કેમ્પમાં વિશાળ સંખ્યામાં ધારીના ગ્રામજનોએ રક્તદાન કરેલ આ તકે પૂજય બાપુ એ જણાવેલ કે માનવ રક્ત એવું છે કે જેની કોઈ ફેક્ટરી નથી તે પોતાના શરીરમાં જ ઉત્પન્ન થાય છે અને રક્ત દેવાથી શરીરમાં નવું લોહી આપમેળે ઉત્પન્ન થાય છે જેથી વિજ્ઞાન ના નિયમ પ્રમાણે યુવાનોએ ખાસ રક્તદાન કરતા રહેવું જોઈએ તમારા એક લોહીના ટીપાથી માનવ જિંદગી બચી શકે છે માટે અવશ્ય રક્તદાન કરતા રહેવું જોઈએ તેમજ આ આ તકે ડીસીએફ રાજદીપસિંહ ઝાલાએ પૂજય બાપુની સેવાકીય પ્રવૃત્તિને બીરદાવેલ સાવરકુંડલા માનવ મંદિરના પૂજય ભક્તિરામ બાપુ એ પોતાના પ્રવચનમાં રક્તદાન કેમ્પ ની સહારાના આ કેમ્પ ને સફળ બનાવવા માટે કરેલ તેમજ બાપુને હજારો વર્ષ જીવ તેવી શુભકામના પણ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમ સંચાલન ધારીના ઓનહાર ઉદઘોષક જીગ્નેશ બાબાએ કરેલ આ કંપની સફળ બનાવવા ધારીને પત્રકાર અરવિંદભાઈ દવે અબ તકના પત્રકાર નિકુંજભાઈ મહેતા વિશ્વ હિન્દુ પરિષદના શિવરાજભાઈ વાળા દામાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બારડ, કાળુભાઈ બોરીસાગર, પ્રતીક મહેતા, યશ જોશી ,કાળુભાઈ લીમ્બાચીયા, જીવણભાઈ લીમ્બાચીયા વગેરે કરી હતી.

### ICMRની માંગી માફી

# કોવેક્સિનની રિસર્ચ કરનારી BHUની ટીમ પર થઇ શકે છે કાર્યવાહી

## સ્વિટ્ઝરલેન્ડની જર્નલ સ્પ્રિંગર નેચરના સંપાદકને પણ એક પત્ર લખવામાં આવ્યો છે તેમને રિસર્ચ પેપરમાંથી ICMRનું નામ હટાવવા માટે કહેવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૨૧

કોવેક્સિનની અસર અંગે BHUનો અભ્યાસ જવાબદારો માટે મુશ્કેલીઓ લઇને આવ્યો છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સની રિસર્ચ ટીમે ICMR (ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ)ની માફી માંગી છે. રિસર્ચ ટીમમાં સામેલ ૧૨ થી વધુ ડોકટરો અને સંશોધકો પર કાર્યવાહી થઈ શકે છે.

ટીમનું નેતૃત્વ કરી રહેલા ડૉક્ટર એસ.એસ. ચક્રવર્તી અને ડૉક્ટર ઉપિન્દર કૌરે કાઉન્સિલના ડિરેક્ટર જનરલને માફી પત્ર મોકલ્યો છે. કહ્યું હતું કે અમારાથી ભૂલ થઈ છે કે અમે પ્રોજેક્ટમાં કાઉન્સિલને જોડી દીધી છે. ભવિષ્યમાં આવી ભૂલ ફરી નહીં થાય.

સ્વિત્ઝરલેન્ડની જર્નલ સ્પ્રિંગર નેચરના સંપાદકને પણ એક પત્ર લખવામાં આવ્યો છે. તેમને રિસર્ચ પેપરમાંથી ICMRનું નામ હટાવવા માટે કહેવામાં આવ્યું છે. ગંભીર ખામીઓ સાથે અભ્યાસના કિસ્સામાં પગલાં લઈ શકાય છે. આઈસીએમઆર અગાઉ જ કહી ચૂક્યું છે કે તે આ મામલે કાયદાકીય કાર્યવાહી કરશે. બંને ડોક્ટરો હાલમાં બેંગલુરુમાં છે, તેઓ થોડા દિવસો પછી બનારસ પરત ફરશે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ પણ તેમને સવાલ કરશે.તાજેતરમાં આસીએમઆરએ રિસર્ચ ટીમને નોટિસ પાઠવી હતી. IMSના ડિરેક્ટરે આ મામલે રિપોર્ટ મંગાવ્યો હતો અને ચાર સભ્યોની તપાસ સમિતિની રચના કરી હતી. વિગતવાર તપાસ રિપોર્ટ કાઉન્સિલને મોકલી દેવામાં આવ્યો છે. હવે કાઉન્સિલે જર્નલને પત્ર પણ લખ્યો છે. તેમનું કહેવું છે કે અભ્યાસમાં ચાર ગંભીર ખામીઓ છે.

પ્રથમ તેમની પાસે સંશોધનની પુષ્ટી કરવા માટે રસી ન લીધી હોય તેવા વ્યક્તિઓનું કોઈ જૂથ નથી કે વાસ્તવમાં આડઅસરો રસીકરણ સાથે જોડાયેલ છે. બીજું એમાં એ ઉલ્લેખ નથી કે સેમ્પલ વસ્તી તરફથી સાઈડ ઈફેક્ટને કેટલી વખત રિપોર્ટ કરાયા હતા જેથી સ્થાપિત કરી શકાય કે આ રસીકરણ સાથે સંબંધિત છે.

ત્રીજું અભ્યાસમાંના સાધનો વિશ્વ-કક્ષાના નહોતા જ્યારે ચોથું ખામીઓ, સહભાગીઓની પ્રતિક્રિયાઓને રસીકરણના એક વર્ષ બાદ કોઈ પણ રેકોર્ડ અથવા મેડિકલ રિસર્ચના વેરિફિકેશન વિના નોંધવામાં આવ્યા હતા જેનાથી પક્ષપાતી રિપોર્ટિંગની સંભાવના વધી ગઈ છે. નોટિસનો જવાબ IMS ને મોકલી દેવામાં આવ્યો છે.

સંશોધન વાતાવરણને વધુ બહેતર બનાવવા માટે ઘણા પગલાં લેવામાં આવશે. આ મામલામાં ICMRએ નોટિસમાં કહ્યું છે કે સંશોધકે તેના સંશોધનમાંથી ICMRની મંજૂરી હટાવી દેવી જોઈએ અને માફી માંગવી જોઈએ નહીં તો કાયદાકીય અને વહીવટી કાર્યવાહીનો સામનો કરવો પડશે. આઈએમએસના ડાયરેક્ટર પ્રો. એસએન સંખવારે કહ્યું કે તપાસ ટીમ દ્વારા ICMRને જવાબ મોકલવામાં આવ્યો છે. ટૂંક સમયમાં રિસર્ચ ટીમના સભ્યો સાથે વાત કરવામાં આવશે.

### અમદાવાદમાં પાંચ દિવસ શહેરમાં આગ ખરશે

# બિનજરૂરી ૧૨ થી ૩ દરમિયાન બહાર ન નીકળવાની કરી અપીલ

## શહેરીજનોને ૨૪ મી મે અને ૨૫ મી મે દરમિયાન પોતાની ખાસ કાળજી લેવાની અપીલ કરી છે

અમદાવાદ, તા.૨૧

અમદાવાદમાં આગામી પાંચ દિવસ સુધી કામ સિવાય બિનજરૂરી રીતે બહાર ન નીકળવા હવામાન વિભાગે લોકોને અપીલ કરી છે. આગામી પાંચ દિવસ અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. ગરમીના એલર્ટ વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ એડવાઈઝરી જારી કરી છે. બપોરના સમયે કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ ન કરવા આદેશ કર્યો છે. સફાઈ કામદારોના કામકાજના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ફેક્ટરી સહિત ઓદ્યૌગિક શ્રમીકો માટે છાશ અને શરબતની વ્યવસ્થા કરવા આદેશ કરાયો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે આ સમયગાળા દરમિયાન વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું. લાંબો સમય તડકામાં ન રહેવુ, હળવા રંગના સુતરાવ કપડા પહેરવાં, ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો, નાના બાળકો-વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓએ ઘરની અંદર રહેવુ અને વિશેષ સાવચેતી રાખવી. રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી છે.

હજુ આવનારા દિવસોમાં તાપમાનનો પારો ૪૫ને પાર જવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. ત્યારે હીટવેવને પગલે ઝાડા, ઉલ્ટી, હાર્ટ એટેક અને સન બર્નના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. ગરમીના લીધે થતા મૃત્યુ પાછળ અલ્ટ્રાવાયોલેટ કિરણો પણ જવાબદાર હોવાનું નિષ્ણાંતો જણાવી રહ્યા છે. હાલ સૂર્યમાંથી નીકળતા અલ્ટ્રાવાયોલેટ કિરણોની તીવ્રતા ભયજનક લેવલને પાર કરી ચુકી છે. સૂર્યમાંથી આવતા અલ્ટ્રાવાયોલેટ કિરણોની તીવ્રતા માપવા માટે યુવી ઈન્ડેક્સનો ઉપયોગ થાય છે હાલ રાજ્યમાં યુવી ઈન્ડેક્સ ૧૦ની આસપાસ નોંધાયો છે.

અમદાવાદમાં યુવી ઈન્ડેક્સ ૧૦ નોંધાયુ છે આ ઉપરાંત આગામી ૨૪ અને ૨૫ મે ના યુવી ઈન્ડેક્સ ૧૨ થવાની સંભાવના છે. આ અલ્ટ્રાવાયોલેટ કિરણોના સ્તર નિશ્ચિત સ્તર કરતા વધવાથી ડ્રિહાઈડ્રેશન, સનબર્ન, સન સ્ટ્રોક અને ચામડીને લગતા રોગો અને કેટલાક કિસ્સામાં મૃત્યુ પણ થઈ શકે છે.

### મનિષ સિસોદિયાની મુશ્કેલીમાં વધારો

# રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૩૧ મે સુધી લંબાવી

## કેજરીવાલ ચૂંટણી પ્રચાર માટે ૧ મે સુધી વચગાળાના જામીન પર

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં મનીષ સિસોદિયાને ફરી રાહત મળી નથી. રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૩૧ મે સુધી લંબાવી છે. મનીષ સિસોદિયાને નીચલી કોર્ટ તરફથી એવા સમયે ઝટકો લાગ્યો છે જ્યારે દિલ્હી હાઈકોર્ટ આજે એટલે કે મંગળવારે સાંજે જ સિસોદિયાની જામીન અરજી પર ચુકાદો આપવા જઈ રહી છે.

દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મનીષ સિસોદિયાને રાહત મળી નથી. રાઉઝ એવન્યુ કોર્ટે પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૩૧ મે સુધી લંબાવી છે. દિલ્હીમાં કથિત દારૂ કૌભાંડની તપાસ કરી રહેલી સીબીઆઈએ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મનીષ સિસોદિયાની ધરપકડ કરી હતી. ED આ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે.

સિસોદિયાની ન્યાયિક કસ્ટડી બુધવારે સમાપ્ત થઈ રહી હતી. આવી સ્થિતિમાં, તેને વર્ચ્યુઅલ રીતે રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતો. કોર્ટના જજ કાવેરી બાવેજાએ કસ્ટડી લંબાવવાનો આદેશ આપ્યો હતો.

એક્સાઈઝ પોલિસી કેસમાં ED અને CBI દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારના કેસમાં મનીષ સિસોદિયાના જામીન પર દિલ્હી હાઈકોર્ટ આજે પોતાનો ચુકાદો આપ્યો. ૧૪ મેના રોજ કોર્ટે સિસોદિયા, CBI અને EDની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ચર્ચા દરમિયાન, EDએ દલીલ કરી હતી કે તે દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આગામી ચાર્જશીટમાં આમ આદમી પાર્ટીને આરોપી બનાવશે. ૧૭ મેના રોજ ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ચાર્જશીટ દાખલ કરી હતી અને આમ આદમી પાર્ટીને પણ આરોપી બનાવ્યો હતી. સિસોદિયા માટે જામીનની વિનંતી કરતી વખતે, તેમના વકીલે કહ્યું હતું કે ED અને CBI હજુ પણ મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારના કેસમાં લોકોની ધરપકડ કરી રહી છે અને ટ્રાયલ વહેલામાં સમાપ્ત થવાની કોઈ શક્યતા નથી. ઈડી અને સીબીઆઈ બંનેએ સિસોદિયાની જામીન અરજીનો વિરોધ એ આધાર પર કર્યો છે કે આરોપીઓ દ્વારા કેસમાં આરોપ ઘડવાની પ્રક્રિયામાં વિલંબ કરવા માટે સંયુક્ત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ કેસમાં તપાસ એજન્સીએ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને AAP નેતા સંજય સિંહની પણ ધરપકડ કરી હતી.

સંજય સિંહને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા છે. જ્યારે કેજરીવાલને પણ સુપ્રીમ કોર્ટે વચગાળાની રાહત આપી હતી. કેજરીવાલ ચૂંટણી પ્રચાર માટે ૧ મે સુધી વચગાળાના જામીન પર છે. તેણે ૨ મેના રોજ સરન્ડર કરવું પડશે.

### કોંગી અગ્રણીએ શુભેચ્છા પાઠવી

# અમરેલી વરૂડીની દીકરી અને જમાઈ હજ પઢવા થયા રવાના

## શાલ ઓઢાડી સન્માન કરાયું



અમરેલી તા. ૨૧

અમરેલી જિલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવેછે કે તાજેતરમાં અમરેલી સિપાઈ જમાત ખાના ખાતે હજ પઢવા જઈ રહેલા અમારા વરૂડીના સૈયદ ઈરશોદઅલી બાપુની દીકરી જેલુન્ની સાબેન તથા જમાઈ નિવૃત ટ્રાફિક ઈનસ્પેકર (એસ.ટી.) અલીહુસેન બાપુના વિદાય સંભારભમાં શાંતિભાઈ રાણવા દ્વારા બેન–બનેવીને શાલ ઓઢાડી ફુલહાર પુષ્પગુચ્છ આપીને પ્રવાસની શુભેચ્છા પાઠવી હતી. મકકા મહિનામાં અલ્લાહ તાલાનો રૂબરૂ દિદાર કરીને પોતાના જીવનની મહેરછા પૂરી કરવા અને અમારા માટે દુઆ કરવા વિનંતી કરી હતી. મકકા મહિનામાં લાબાં બે માસનો પ્રવાસ સફળ થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરીને ભાવભીની વિદાય આપી હતી. આ પ્રવાસ માટે અમારા બેન–બનેવીના જમાઈ આમાદ ન્યુઝના એંકર તથા સૌરાષ્ટ્ર જ્ઞાતિના પત્રકાર એવા જાહિદબાપુ સૈયદ જહેમત ઉઠાવી તેઓએ પણ શુભેચ્છા પાઠવીછે. બેન–બનેવીના મોટાભાઈ હજપાત્રી સૈયદઅલીબાપુ તથા તેમના પરિવારે પણ શુભેચ્છા પાઠવી હતી. તેમરાણવાની યાદી જણાવે છે.

### આગામી ૨૪ મે સુધી બનાસકાંઠામાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ

# મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ યથાવત

મહેસાણા, તા.૨૧

હવામાન વિભાગની આગાહી મુજબ ઉત્તર ગુજરાતમાં આગામી ૨૪ મે સુધી દિવસના તાપમાનમાં સામાન્ય વધ-ઘટ થઈ શકે છે. તેમજ આંશિક વાદળછાયું વાતાવરણ રહી શકે છે. તેમ છતાં તાપમાન ૪૨ ડિગ્રીથી નીચે જવાની શક્યતા નથી. જેને લઈ આગામી ૨૪ મે સુધી બનાસકાંઠામાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ તેમજ મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ યથાવત રહેશે.

ઉત્તર ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી સતત વધી રહેલી ગરમીને વાદળછાયા વાતાવરણના કારણે બ્રેક લાગી હતી. તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો અને વાદળોના કારણે અસહ્ય ગરમીથી આંશિક રાહત મળી હતી. આગામી ૨૪ મે સુધી ગરમીનો કહેર યથાવત રહેશે તેવું હવામાન વિભાગનું અનુમાન છે. આ દરમિયાન અરવલ્લીને બાદ કરતાં ચાર જિલ્લામાં હીટવેવનું જોર યથાવત રહેવાની શક્યતા છે. જ્યારે ૪૩.૭ ડિગ્રી ગરમી સાથે હિંમતનગર ઉત્તર ગુજરાતનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. મોડાસામાં ૪૩.૫ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. ઉત્તર ગુજરાતમાં મોટાભાગે પશ્ચિમ દિશાનો ભેજવાળો પવન ફૂંકાયો હતો. જેના કારણે દિવસભર વાતાવરણ વાદળછાયું રહ્યું હતું.છેલ્લા એક સપ્તાહથી સતત વધી રહેલી ગરમી સામે વાદળો કવચ બનીને આવતાં ગરમી બે ડિગ્રી સુધી ઘટી હતી. જેને લઈ મુખ્ય ૫ શહેરોમાં ગરમીનો પારો ૪૩.૨ થી ૪૩.૭ ડિગ્રીની વચ્ચે રહ્યો હતો. ૪૪ ડિગ્રીથી નીચા તાપમાનના કારણે કાળઝાળ ગરમીથી આંશિક રાહત મળી હતી.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૪ મે સુધી દિવસના તાપમાનમાં સામાન્ય વધ-ઘટ થઈ શકે છે. તેમજ આંશિક વાદળછાયું વાતાવરણ રહી શકે છે. તેમ છતાં તાપમાન ૪૨ ડિગ્રીથી નીચે જવાની શક્યતા નથી. જેને લઈ આગામી ૨૪ મે સુધી બનાસકાંઠામાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ તેમજ મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ યથાવત રહેશે.

### ભારત કઠોળનું સૌથી મોટું ઉત્પાદક છે

# દાળના ભાવને અંકુશમાં લેવા સરકાર કરી રહી છે અનેક સ્તરે પ્રયાસો

## મોંઘી દાળ થી નહીં મળે ઓક્ટોબર પહેલા કોઈ રાહત પુરવઠા કરતા વધી રહી છે માંગ

નવી દિલ્હી, તા.૨૧

એપ્રિલમાં છૂટક ફુગાવાના દરમાં થોડો ઘટાડો થયો હોવા છતાં ખાદ્ય ફુગાવો હજી પણ નિયંત્રણમાં આવ્યો નથી. આવી સ્થિતિમાં લોકોને ખાદ્ય ચીજવસ્તુઓ પર વધુ ખર્ચ કરવા મજબુર બન્યા છે, જેના કારણે તેમના રસોડાના બજેટ પર ભારે બોજ પડી રહ્યો છે. પરંતુ ખાદ્ય ચીજવસ્તુઓની આ મોંઘવારી ભવિષ્યમાં પણ લોકોની મુશ્કેલી ઓછી થવા દેશે નહીં. ખાસ કરીને આગામી ૫ મહિના સુધી કઠોળના ભાવમાં ઘટાડો થવાની કોઈ શક્યતા નથી કારણ કે કઠોળની માંગ અને પુરવઠા વચ્ચે મોટો તફાવત છે. ઊંચી માંગ અને ઓછા પુરવઠાની અસર તેમના ઊંચા ભાવના સ્વરૂપમાં જોવા મળી રહી છે.જ્યાં સુધી નવા પાકનો પુરવઠો બજારમાં ન આવે ત્યાં સુધી દેશમાં કઠોળના ભાવમાં ઘટાડો થવાની કોઈ શક્યતાઓ દેખાઈ રહી નથી. વાસ્તવમાં કઠોળનો નવો પુરવઠો ઓક્ટોબરમાં બજારમાં આવશે. આવી સ્થિતિમાં, અનુમાન લગાવવામાં આવે છે કે આ પછી જ લોકોને મોંઘવારીમાંથી રાહત મળી શકે છે. હાલમાં વધુ માંગ અને ઓછા પુરવઠાને કારણે કઠોળના ભાવ વધી રહ્યા છે. દાળના ભાવમાં વધારાને કારણે ખાદ્યપદાર્થોની મોંઘવારી પણ અંકુશમાં નથી આવી રહી જેના કારણે છૂટક મોંઘવારી જોઈએ તેટલી ઘટી રહી નથી. આના કારણે આરબીઆઈ પાસે હજુ પણ રેપો રેટ જેવા મુખ્ય ધિરાણ દર ઘટાડવાનો અવકાશ નથી, જેના કારણે હોમ લોન સહિત તમામ પ્રકારની લોનના વ્યાજદરમાં ઘટાડો કરવાની સ્થિતિ સર્જાઈ રહી નથી.

જો કે સરકાર દાળના ભાવને અંકુશમાં લેવા માટે અનેક સ્તરે પ્રયાસો કરી રહી છે, પરંતુ તેમાં સફળતા મળી રહી નથી. ભારત કઠોળનું સૌથી મોટું ઉત્પાદક છે, પરંતુ અહીં તેનો વપરાશ ઉત્પાદન કરતાં ઘણો વધારે છે. આવી સ્થિતિમાં ભારતે કઠોળની માંગને પહોંચી વળવા આયાતનો આશરો લેવો પડે છે. પાક વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાં કઠોળનું અંદાજિત ઉત્પાદન ૨૬.૦૫ મિલિયન ટન હતું, જ્યારે વપરાશ ૨૮ મિલિયન ટન હોવાનો અંદાજ છે.હાલમાં બજારમાં અરહર, ચણા અને અડદની દાળના ભાવ સર્વોચ્ચ સ્તરે છે. એપ્રિલમાં કઠોળનો સરેરાશ ફુગાવાનો દર ૧૬.૮ ટકા હતો. જેમાં સૌથી વધુ ૩૧.૪ ટકા મોંઘવારી અરહર દાળમાં જોવા મળી હતી. તેવી જ રીતે ચણાની દાળમાં ૧૪.૬ ટકા અને અડદની દાળમાં ૧૪.૩ ટકાના દરે ફુગાવો હતો. ફૂડ બાસ્કેટમાં કઠોળનો ફાળો ૬ ટકા જેટલો રહે છે. આના કારણે ખાદ્ય ફુગાવાનો દર માર્ચમાં ૮.૫ ટકાથી વધીને એપ્રિલમાં ૮.૭ ટકા થયો હતો. આંકડા મંત્રાલયના આંકડા અનુસાર, એક વર્ષમાં દાળના મોંઘવારી દરમાં લગભગ ૧૦ ટકાનો વધારો થયો છે. કઠોળનો ફુગાવાનો દર એપ્રિલ ૨૦૨૩માં ૫.૩ ટકા હતો, જે એપ્રિલ ૨૦૨૪માં વધીને ૧૬.૮ ટકા થયો હતો.

### સ્માર્ટ મીટરને લઈને ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# વીજમીટરની સાથે જૂના મીટર પણ લગાવવામાં આવશે

## વધુ બિલ આવતું હોવાની ઠેર-ઠેર ફરિયાદ થઈ રહી છે

ગાંધીનગર, તા.૨૧

રાજ્યભરમાં સ્માર્ટ વીજ મીટરને લઈને દેકારો મચ્યો છે તેના પગલે સ્માર્ટ વીજમીટરને લઈ રાજ્ય સરકારે આજે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. સ્માર્ટ વીજમીટર સાથે જૂના મીટર પણ લગાવવામાં આવશે. ગ્રાહકોમાં ગેરસમજ દૂર કરવા સ્માર્ટ મીટર સાથે વધુ એક મીટર લગાવવામાં આવશે. સ્માર્ટ વીજમીટર સામે લોકોના સતત વિરોધને લઈને કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સ્માર્ટ મીટર પર ખૂબ જ વધુ બિલ આવતા હોવાની ઠેર-ઠેર ફરિયાદ થઈ રહી છે.

વડોદરા, રાજકોટ, જામનગર સહિતના શહેરોમાં પ્રી-પેઈડ સ્માર્ટ મીટરનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પ્રી-પેઈડ સ્માર્ટ મીટરમાં ડબલ તેમજ તેનાથી પણ વધુ વીજ બિલ આવતું હોવાની વ્યાપક ફરિયાદ આવી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવે સ્માર્ટ મીટરની સાથો-સાથ જૂના મીટર પણ લગાવવામાં આવશે. ગ્રાહકોમાં થયેલી ગેરસમજ દૂર કરવા સ્માર્ટ મીટર સાથે જુનું મીટર લગાવવાનો નિર્ણય લેવાયો છે.

અગાઉ રાજ્યની ચારેય વીજ કંપનીઓને વડાઓને ગાંધીનગરનું તેડુ મોકલાયુ હતું. પાટનગરમા ઉર્જા વિભાગની ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી જેમાં આ મામલે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સ્માર્ટ મીટરનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યા છે. વડોદરાના નાગરિકે સ્માર્ટ મીટરને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

### મોટાભાગના રાજ્યોમાં લોકોને સહન કરવો પડ્યો ગરમીનો માર

# હીટવેવ વચ્ચે જૂન સુધી શાળાઓ બંધ રહેશે

## ગુજરાતના ભાગોમાં પણ હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના ઘણા ભાગોમાં હીટવેવની સ્થિતિ સાથે સ્વચ્છ આકાશ અને અન્ય વિસ્તારોમાં તીવ્ર હીટવેવની સ્થિતિ, ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે સપાટી પરના મજબૂત પવનો સાથે આગાહી કરવામાં આવી છે. જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં ગરમીનો માર સહન કરવામાં આવ્યો હતો, ત્યારે ભારતભરના અન્ય રાજ્યો પણ આવી જ ખરાબ સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ સોમવારે દિલ્હી અને તેની આસપાસના રાજ્યોમાં આગામી પાંચ દિવસ માટે ૨૩ મે સુધી રેડ એલર્ટ જારી કર્યું છે, કારણ કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના ઘણા ભાગોમાં તાપમાન ૪૭ ડિગ્રી સેલ્સિયસથી વધી ગયું છે. મુખ્ય હવામાન સંસ્થાએ તેની સાત દિવસની આગાહીમાં હીટવેવને કારણે "સંવેદનશીલ લોકો માટે આત્યંતિક કાળજી" માટે વિનંતી કરી છે અને પૂરતું પાણી પીવા અને ઓઆરએસ અથવા લસ્સી, તોરાની (ચોખાનું પાણી), લીંબુ પાણી અને છાશ જેવા હોમમેઈડ પીણાંનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે. હાઈડ્રેટેડ રહો. ત્યારે નજફગઢમાં સોમવારે ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસનું ઊંચું તાપમાન નોંધાયું હતું, તેના એક દિવસ પછી દક્ષિણ પશ્ચિમ દિલ્હી વિસ્તારમાં ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું - જે આ સિઝનમાં દેશમાં અત્યાર સુધીનું સૌથી વધુ છે.મુંગેશપુરમાં ૪૭.૧ ડિગ્રી, આયા નગરમાં ૪૫.૭ ડિગ્રી, પુસામાં ૪૬.૧ ડિગ્રી, પિતામપુરામાં ૪૬.૬ ડિગ્રી અને પાલમમાં ૪૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

દિલ્હીમાં તાપમાનમાં સતત વધારો થયો છે, આ ઉનાળામાં સૌથી વધુ તાપમાન રવિવારે ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. શનિવારે તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ હતું જે શુક્રવારે ૪૨.૫ ડિગ્રી સેલ્સિયસ હતું. સોમવારે, રાષ્ટ્રીય રાજધાનીમાં બીજા ક્રમનું સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી વધારે હતું.

તીવ્ર ગરમીને કારણે શહેરની પીક પાવર ડિમાન્ડ મે મહિનાની સૌથી વધુ સપાટીએ પહોંચી હતી, જેના કારણે દિલ્હી સરકારને ઉનાળાની રજાઓ માટે બંધ ન થયેલી શાળાઓને તાત્કાલિક આવું કરવા માટે નિર્દેશિત કરવામાં આવ્યો હતો. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, દિલ્હીના રીઅલ-ટાઈમ ડેટાએ બપોરે ૩:૩૩ વાગ્યે ૭,૫૭૨ મેગાવોટની પીક પાવર ડિમાન્ડ દર્શાવી હતી, જે મે મહિનામાં દિલ્હીની અત્યાર સુધીની સૌથી વધુ પીક પાવર માંગ છે. તે ગયા વર્ષે નોંધાયેલી પીક પાવર ડિમાન્ડ કરતાં પણ વધુ હતી - ૭,૪૩૮ મેગાવોટ - ૨૨ ઓગસ્ટના રોજ. દિલ્હીમાં શિક્ષણ નિયામક કચેરીએ પ્રવર્તમાન ગરમીની સ્થિતિને કારણે આ શૈક્ષણિક વર્ષ માટે ૧૧ મે થી ૩૦ જૂન સુધી તમામ શાળાઓને ઉનાળુ વેકેશન જોવાનો નિર્દેશ આપ્યો છે.અન્ય રાજ્યોમાં હીટવેવ દિલ્હી ઉપરાંત પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ ૨૬ મે સુધી હીટવેવની આગાહી છે. આગામી સપ્તાહ સુધી કોઈ રાહત અપેક્ષિત નથી. રાજસ્થાનમાં પણ તીવ્ર ગરમી ચાલુ રહી હતી અને સોમવારે પિલાનીનું તાપમાન ૪૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. આગામી પાંચ દિવસમાં અમદાવાદ અને ગાંધીનગર સહિત ગુજરાતના ભાગોમાં પણ હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે.

### રાહુલ ગાંધીએ આપ્યું વિવાદાસ્પદ નિવેદન

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી કોર્ટના ચક્કરમાં સપડાયા

## રાહુલ ગાંધીએ દિલ્હીમાં ટિપ્પણી કરી હતી કે જો કોઈ હત્યા કેસમાં આરોપી ભાજપમાં અધ્યક્ષ બની શકે છે, પરંતુ કોંગ્રેસમાં આવું ક્યારેય થઈ શકે નહીં

નવીદિલ્હી, તા.૨૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પડઘમ વચ્ચે રાહુલ ગાંધીને મોટો આંચકો લાગ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી કોર્ટના ચક્કરમાં સપડાયા છે. ઝારખંડના રાંચી જિલ્લાની PMLA કોર્ટે રાહુલ ગાંધીને ફરી એકવાર સમન્સ પાઠવ્યું છે. તેને કોર્ટમાં હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ મામલો ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવા સંબંધિત છે.

આ ટિપ્પણીથી નારાજ ભાજપ સમર્થક નવીન ઝાએ રાહુલ ગાંધી વિરુદ્ધ રાંચીની સિવિલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ ફરિયાદ પર કાર્યવાહી કરતા કોર્ટે રાહુલ ગાંધીને સમન્સ જારી કર્યા છે. તે વર્ષ ૨૦૧૮ હતું, રાહુલ ગાંધીએ દિલ્હીમાં ટિપ્પણી કરી હતી કે જો કોઈ હત્યા કેસમાં આરોપી ભાજપમાં અધ્યક્ષ બની શકે છે, પરંતુ કોંગ્રેસમાં આવું ક્યારેય થઈ શકે નહીં.

મંગળવારે સ્પેશિયલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાર્થક શર્માએ એમપી-PMLA કોર્ટમાં કેસની સુનાવણી કરી હતી. ફરિયાદી નવીન ઝાના વકીલ બિનોદ કુમાર સાહુએ દલીલ કરી હતી કે રાહુલ ગાંધીને સમન્સ જારી કરવામાં આવે અને હાજર થવાનો આદેશ આપવામાં આવે, જેથી સુનાવણી આગળ લઈ શકાય. તેને વર્ષ ૨૦૧૮માં પણ સમન્સ પાઠવવામાં આવ્યું હતું. ૬ વર્ષ બાદ હવે બીજી વખત સમન્સ જારી કરવામાં આવ્યું છે. જણાવી દઈએ કે ગયા અઠવાડિયે ઝારખંડ હાઈકોર્ટે પણ આ મામલે રાહુલ ગાંધીને ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે કોંગ્રેસ નેતા પર ૧૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. હાઈકોર્ટના આદેશ છતાં રાહુલ ગાંધીએ અમિત શાહ સંબંધિત કેસમાં જવાબ દાખલ કરવામાં વિલંબ કર્યો હોવાથી દંડની કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યારે હાઈકોર્ટે તેમને રાહત આપી હતી અને કેસની સુનાવણી અટકાવી દીધી હતી, પરંતુ રાહુલ ગાંધીએ અરજી દાખલ કરવી પડી હતી. કેસમાં જવાબ આપવા માટે મને સૂચના આપવામાં આવી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વર્ષ ૨૦૧૮માં દિલ્હીમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. આ સત્રમાં રાહુલ ગાંધીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે અમિત શાહ ભાજપના અધ્યક્ષ હતા. ઝારખંડના ચાઈબારાના રહેવાસી ભાજપ સમર્થક પ્રતાપ કટિયારે તેમના નિવેદન વિરુદ્ધ MP-PMLA કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધીના નિવેદનથી ભાવનાઓને ઠેસ પહોંચી છે અને અમિત શાહની છબી કલંકિત થઈ છે, જેને સહન કરવામાં આવશે નહીં.

ફરિયાદ પર કાર્યવાહી કરતા એપ્રિલ ૨૦૨૨માં રાહુલ ગાંધી વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ આ વોરંટનો જવાબ આપ્યો ન હતો. ફેબ્રુઆરી ૨૦૦૪માં ફરીથી બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા હતા, જેની સામે રાહુલ ગાંધીએ ઝારખંડ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. આ મામલો હજુ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

### BJP હેડક્વાર્ટર જઈને આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ

# આમ આદમી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી

**દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૯ મેના રોજ પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટરની મુલાકાત લેવાની જાહેરાત કરી હતી**

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે 19 મેના રોજ પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટરની મુલાકાત લેવાની જાહેરાત કરી હતી. જ્યારે તેઓ કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમને રસ્તામાં અટકાવ્યા હતા. તેના એક દિવસ બાદ દિલ્હી પોલીસે તેની સામે કેસ નોંધ્યો છે. બીજેપી હેડક્વાર્ટર સુધી વિરોધ માર્ચ કાઢવાના એક દિવસ બાદ દિલ્હી પોલીસે આમ આદમી પાટીના નેતાઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તેના પર આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ડીડીયુ માર્ગ પર કલમ 144 લાગુ કરવામાં આવી હોવા છતાં, આમ આદમી પાટીએ પ્રદર્શન માટે પરવાનગી માંગી ન હતી.એક અધિકારીએ જણાવ્યું કે આઈપીસી કલમ 188 (અધિકારીના આદેશનો અનાદર) હેઠળ આઈપી એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરો સાથે બીજેપી હેડક્વાર્ટર જવાની જાહેરાત કરી હતી અને ભાજપને ધરપકડ માટે પડકાર ફેંક્યો હતો.મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, આતિશી અને અન્ય પાટીના નેતાઓ, સાંસદો અને ધારાસભ્યોને ભાજપ મુખ્યાલય તરફ કૂચ કરતી વખતે પોલીસે અટકાવ્યા હતા. દિલ્હી પોલીસે કહ્યું કે આ વિસ્તારમાં કલમ 144 લાગુ કરવામાં આવી હતી અને આદેશનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો.

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલ 1 જૂન સુધી વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે.

તેમણે શનિવારે કહ્યું હતું કે તેઓ અને AAPના અન્ય નેતાઓ 19 મેના રોજ બીજેપી હેડક્વાર્ટર જશે "જેથી વડાપ્રધાન જેને ઈચ્છે તેને જેલમાં મોકલી શકે."FIR પર આમ આદમી પાટીએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે આવનારા દિવસોમાં પાટી વિરુદ્ધ આવા ઘણા કેસ નોંધવામાં આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ એક નાનો કેસ છે પરંતુ આવનારા દિવસોમાં અમારી સામે મોટા કેસ નોંધવામાં આવશે. પરંતુ આપણા દેશની જનતા ભારતીય જનતા પાટીને સત્તા પરથી હટાવી દેશે અને લોકસભા ચૂંટણીમાં વન ઈન્ડિયા બ્લોકની સરકાર લાવશે. "

### આ મહિલા અધિકારી ટીમનું નેતૃત્વ કરશે

# સ્વાતિ માલીવાલ કેસની તપાસ માટે દિલ્હી પોલીસે SITની રચના કરી

**આમ આદમી પાટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સીએમના નિવાસસ્થાને તેમના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છ**

નવી દિલ્હી, તા.૨૧

સીએમ હાઉસમાં આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના કેસની તપાસ માટે દિલ્હી પોલીસે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. અત્યાર સુધી આ કેસની તપાસ કરી રહેલા ઉત્તર જિલ્લાના એડિશનલ ડીસીપી અંજિતા ચિપિયાલા SITનું નેતૃત્વ કરશે.SITમાં અંજીથા ઉપરાંત ઈન્સ્પેકટર રેન્કના ત્રણ અધિકારીઓ સામેલ છે. તેમાંથી સિવિલ લાઇન પોલીસ સ્ટેશનના એસએચઓ પણ છે, જ્યાં કેસ નોંધાયેલ છે. SIT ટીમ સમય સમય પર વરિષ્ઠ અધિકારીઓને તપાસ રિપોર્ટ સોંપશે.તમને જણાવી દઈએ કે SIT આ કેસમાં દરેક લિંકને જોડવાનો પ્રયાસ કરશે. સૌથી પહેલા પોલીસ વિભવનો મોબાઈલ ડેટા મેળવવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસને આશા છે કે આનાથી તેમને લીડ મળી શકે છે.તે જ સમયે, પોલીસે રવિવારે સાંજે સીસીટીવી ડીવીઆર કબજે કર્યું હતું. તેના દ્વારા તે સીસીટીવીના ખાલી ભાગને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. અગાઉ પોલીસે માલીવાલ પર હુમલો કરવાના આરોપી વિભવ કુમારની ધરપકડ કરી હતી. બાદમાં પોલીસ વિભવને સીએમ હાઉસ લઈ ગઈ હતી, જ્યાં આ દ્રશ્ય ફરીથી બનાવવામાં આવ્યું હતું.

પોલીસ વિભવને ડ્રોઈંગ રૂમમાં પણ લઈ ગઈ જ્યાં માલીવાલ પર હુમલાનો આરોપ છે.ખરેખર, દિલ્હી પોલીસ વિભવ પાસેથી તમામ સવાલોના જવાબ જાણવા માંગે છે કે 13મીએ સવારે શું થયું? દિલ્હી પોલીસે તમામ પ્રશ્નોના જવાબો ક્રમમાં નોંધ્યા, તેમને મેપ કર્યા અને ફોટો પણ પાડ્યા. તમને જણાવી દઈએ કે વિભવ કુમારના રિમાન્ડનો આજે ત્રીજો દિવસ છે. પોલીસ તેને ગુરુવારે કોર્ટમાં રજૂ કરશે.આમ આદમી પાટીના રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલે તેમના પર સીએમ આવાસ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ આરોપો કેજરીવાલના નજીકના સહયોગી વિભવ કુમાર પર લગાવ્યા છે.

પાટીના નેતા સંજય સિંહે બાદમાં કહ્યું હતું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્વાતિ માલીવાલ સાથેની ઘટનાની નોંધ લીધી છે અને તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે.સંજય સિંહે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સોમવારે સીએમ કેજરીવાલને મળવા આવી હતી. તે ડ્રોઈંગ રૂમમાં રાહ જોઈ રહ્યો હતો. ત્યારબાદ વિભવ કુમાર ત્યાં પહોંચી ગયો અને સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તન કર્યુ.આ પહેલા સોમવારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આવી હતી અને મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સ્ટાફના સભ્ય પર સીએમ હાઉસમાં હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે આ મામલે FIR નોંધી તપાસ હાથ ધરી છે.સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાના આરોપી વિભવ કુમાર દિલ્હી પોલીસની કસ્ટડીમાં છે. 18 મેના રોજ તીસ હજારી કોર્ટે તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો. શનિવારે બપોરે તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ પછી સિવિલ લાઇન પોલીસ સ્ટેશનમાં પૂછપરછ બાદ સાંજે 4.15 વાગ્યે તેની ધરપકડ કરવામાં આવી હતી. તેણે તીસ હજારી કોર્ટમાં વચગાળાની જામીન અરજી પણ કરી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી.

### ૪૨ એર એમ્બ્યુલન્સ ફ્લાઈટ સફળતાપૂર્વક ઓપરેટ કરવામાં આવી

# ગુજરાત સરકાર દ્વારા એર એમ્બ્યુલન્સ સેવા સુનિશ્ચિત મરામત બાદ ફરી શરૂ

**એર એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેવા માટે નાગરિકો ૧૦૮ પર સંપર્ક કરી શકશે**

અમદાવાદ, તા.૨૧

રાજય સરકારના સિવિલ એવિએશન ડીપાર્ટમેન્ટ દ્વારા એર એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો છે. વધુમાં વધુ લોકો આ સેવાનો લાભ લઈ શકે તે માટે ખૂબ જ વ્યાજબી ભાવે ચલાવવામાં આવે છે.

આ સેવા સિવિલ એવિએશન વિભાગ અને GVK-EMRI દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી રહી છે, જેનો તમામ નાગરિકો લાભ લઈ શકે છે. એર એમ્બ્યુલન્સની સેવા લેવા માટે નાગરિકો ૧૦૮ ઉપર સંપર્ક કરી ઉક્ત સેવા મેળવી શકે.

એરક્રાફ્ટ અને ઈક્વિપમેન્ટ્સની વાત કરીયે તો, એર એમ્બ્યુલન્સ બીકક્રાફ્ટ-૨૦૦ પ્લેનનો ઉપયોગ કરે છે, એરક્રાફ્ટ ડૉક્ટર અને પેરામેડિકલ સ્ટાફ સાથે, વેન્ટિલેટર, ડિફિબ્રિલેટર, ઓક્સિજન સિલિન્ડર અને ઈઝ્રર મોનિટર વગેરે જેવા આવશ્યક તબીબી સાધનો સાથે સજ્જ છે. એર એમ્બ્યુલન્સ દ્વારા દર્દીઓને હવે ઝડપથી એક એરપોર્ટથી બીજા એરપોર્ટ પર તુરંત પહોંચાડી શકે શકાય છે, જેથી ક્રિટીકલ કંડીશનમાં તેઓને ઝડપથી અને સમયસર તબીબી સારવાર મળી શકે. અત્યાર સુધીમાં ૪૨ એર એમ્બ્યુલન્સ ફલાઈટ સફળતાપૂર્વક ઓપરેટ કરવામાં આવી છે. વધુ માહિતી માટે અથવા એર એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેવા માટે નાગરિકો ૧૦૮ પર સંપર્ક કરી શકે છે.

### મનીષ સિસોદિયાને લાગ્યો ઝટકો

# દિલ્હી હાઈકોર્ટે દારૂ નીતિ કેસમાં ન આપ્યા જામીન

**સિસોદિયાએ મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારના કેસમાં નીચલી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવેલી જામીન અરજીને હાઈકોર્ટમાં પડકારી હતી**

નવીદિલ્હી, તા.૨૧

કથિત દારૂ કૌભાંડ સાથે જોડાયેલા કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની જામીન અરજી પર હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. કથિત દારૂ કૌભાંડ સાથે જોડાયેલા કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની જામીન અરજી પર હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સિસોદિયાની જામીન અરજી ફગાવી દીધી છે. સિસોદિયાએ મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારના કેસમાં નીચલી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવેલી જામીન અરજીને હાઈકોર્ટમાં પડકારી હતી. હાઈકોર્ટે સીબીઆઈ અને ઈડી બંને કેસમાં સિસોદિયાને રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો.

જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની ખંડપીઠે સિસોદિયાની જામીન અરજી ફગાવી દેતા કહ્યું કે કેસની સુનાવણીમાં વિલંબ થવાના કારણો છે. આ માટે તપાસ એજન્સીઓ જવાબદાર નથી. ઈદ્ધ અનુસાર, આ કેસમાં સતત ધરપકડ કરવામાં આવી રહી છે. તાજેતરમાં ૩ મેના રોજ ધરપકડ પણ કરવામાં આવી છે. તપાસ ચાલુ છે. આરોપી પ્રભાવશાળી વ્યક્તિ છે. તેઓ સંબંધિત વિભાગના પ્રભારી પણ હતા. ખંડપીઠે કહ્યું કે આવી સ્થિતિમાં આરોપીને હાલ જામીન પર છોડવો યોગ્ય નથી.

મનીષ સિસોદિયાની લાંબી પૂછપરછ બાદ ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ CBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

થોડા દિવસો બાદ EDએ તેની પણ ધરપકડ કરી હતી. સિસોદિયા તેમના રિમાન્ડ પૂરા થયા ત્યારથી જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં છે.

### સપા પ્રમુખ અખિલેશ યાદવ પહોંચ્યા આઝમગઢ

# અખિલેશ યાદવની રેલીમાં કાર્યકરોમાં ભાગદોડ અને તોડફોડ જોવા મળી

**અખિલેશ યાદવ સ્ટેજ પર હાજર હતા અને તેમની સામે ઈંટો અને પથ્થરો પણ ફેંકવામાં આવ્યા હતા**

આઝમગઢ, તા.૨૧

લોકસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ચૂંટણીના પાંચ તબક્કા પૂર્ણ થયા છે. તમામ પક્ષો ચૂંટણીના બાકીના બે તબક્કાના પ્રચારમાં વ્યસ્ત છે. આ દરમિયાન આજે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને ડિમ્પલ યાદવ આઝમગઢ પહોંચ્યા હતા. અખિલેશ યાદવની રેલીમાં ફરી ભાગદોડ અને તોડફોડનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ભાગદોડ દરમિયાન અખિલેશ યાદવ સ્ટેજ પર હાજર હતા અને તેમની સામે ઈંટો અને પથ્થરો પણ ફેંકવામાં આવ્યા હતા. અખિલેશ યાદવ ઈન્સ્પેક્ટર પ્રસાદ સરોજના સમર્થનમાં જનસભાને સંબોધિત કરવા આઝમગઢ પહોંચ્યા હતા. નિઝામાબાદ વિધાનસભાના ખેરવા વળાંક પાસે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઝમગઢના લાલગંજ લોકસભા ક્ષેત્રના સરયમીરમાં ખરેવા વળાંક પર સમાજવાદી પાર્ટીની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન મંગળવારે (૨૧ મે) સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની જાહેરસભામાં ભારે હોબાળો થયો હતો. જ્યારે બેકાબુ કાર્યકરોએ ખલેલ પહોંચાડવાનું શરૂ કર્યું ત્યારે પોલીસે ચાર્જ સંભાળવો પડ્યો હતો. આ દરમિયાન ખુરશીઓ દ્વારા કાર્યકરોએ એક-બીજા પર ખુરશીઓ ફેંકી હતી. અખિલેશ યાદવ સ્ટેજ પર બેસી રહ્યા અને સંચાલક લોકોને અપીલ કરતા રહ્યા, પરંતુ તેમનું કોઈએ કંઈ જ સાંભળ્યું નહીં. સ્ટેજની આગળ પહોંચવાની હરીફાઈને કારણે ચારેય બાજુના કાર્યકરો એકબીજા સાથે ઝઘડવા લાગ્યા હતા.

પોલીસકર્મીઓને પરિસ્થિતિ સંભાળવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કોઈક રીતે લાકડીઓનો ઉપયોગ કરીને પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છઠ્ઠા તબક્કા હેઠળ આઝમગઢમાં ૨૫મી મેના રોજ મતદાન થવાનું છે. આ અંગે જિલ્લામાં અખિલેશ યાદવની આ પ્રથમ જાહેર સભા હતી, પરંતુ જે રીતે હંગામો મચ્યો હતો તેનાથી અનેક સવાલો ઉભા થયા છે. જો કે, ઘણા પ્રયત્નો પછી, જાહેર સભા ફરીથી શરૂ કરવામાં આવી હતી, જે પછી અખિલેશ યાદવે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ પહેલા અખિલેશ યાદવના સંત કબીર નગરમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા સપા કાર્યકર્તાઓ બેરિકેડ તોડીને સ્ટેજ તરફ આગળ વધી રહ્યા હતા, જેના કારણે અરાજકતાનો માહોલ સર્જાયો હતો. સંત કબીર નગર રેલીનો જે વીડિયો વાયરલ થયો હતો તેમાં જોઈ શકાય છે કે મોટી સંખ્યામાં સમર્થકો સુરક્ષા કોર્ડન તોડીને સપા ચીફની કાર સુધી પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે અખિલેશ સાથે સેલ્ફી માટે પોઝ પણ આપ્યો હતો.

### મહારાષ્ટ્રમાં ૧૩ બેઠકો પર મતદાન થયું હતુ

# શિવસેના યુબીટીના પોલિંગ એજન્ટનો ટોયલેટમાંથી મૃતદેહ મળ્યો

**પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, મૃતકની ઓળખ ૬૨ વર્ષીય મનોહર નલગે તરીકે થઇ**

મુંબઈ, તા.૨૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ હેઠળ, સોમવારે, ૨૦ મેના રોજ મહારાષ્ટ્રમાં ૧૩ બેઠકો પર મતદાન થયું હતું. આ સાથે પાંચમાં તબક્કામાં રાજ્યની તમામ ૪૮ બેઠકો પર મતદાન પૂર્ણ થઈ ગયું છે. જો કે ચૂંટણી વચ્ચે મુંબઈથી એક ચોંકાવનારા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. વાસ્તવમાં, શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ નો એક પોલિંગ એજન્ટ મુંબઈ વર્લી બૂથ પર મૃત હાલતમાં મળી આવ્યો છે. આ ઘટના બાદ દરેક લોકો ચોંકી ગયા છે. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, મૃતકની ઓળખ ૬૨ વર્ષીય મનોહર નલગે તરીકે થઈ છે.

સોમવારે સાંજે મનોહર ટોયલેટમાં ગયો અને ઘણો સમય વીતી જવા છતાં બહાર ન આવ્યો. તેના સાથીઓએ બળજબરીથી દરવાજો ખોલ્યો તો જોયું કે મનોહર પડી ગયો હતો. કોઈક રીતે મનોહરને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. જો કે, અહીં ડોકટરે મનોહર નલગેને તપાસતાં તેને મૃત જાહેર કર્યો હતો.

# ધોરણ ૧૦/૧૨ ના પરિણામો : વિહંગાવલોકન

અમરેલી, તા. ૨૧

તાજેતરમાં ધોરણ ૧૦ અને ૧૨ ના પરિણામો આવ્યા. ધોરણ ૧૦નું પરિણામ પરિણામ ૮૨.૫૬% આવ્યું જે ગયા વર્ષ કરતાં ૧૭.૯૪% વધુ છે ધોરણ ૧૨ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩% આવ્યું જે ગયા વર્ષ કરતા ૧૮.૬૬ વધુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫% આવ્યું છે ગયા વર્ષ કરતા ૧૬.૮૭% વધુ છે. જયારે સરકારી અથવા ગ્રાન્ટેડ શાળાઓમાં ૩૦૦૦ આચાર્યોની જગ્યાઓ ખાલી છે. અગત્યના વિષયોના શિક્ષકો નથી. ગામડાની હાઈસ્કૂલોમાં એક થી બે જ શિક્ષકો છે, પ્રવાસી શિક્ષકોની ભરતી બંધ છે. કરાર આધારિત શિક્ષકોની ભરતી થાય છે ત્યારે એક જ વર્ષમાં એવું તે શું થયું કે સરેરાશ ૧૮% પરિણામ વધારે આવ્યું ? ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ વધુ પાસ થયા. બોર્ડની સ્થાપના થઈ ત્યારથી અત્યાસ સુધીનો રેકોર્ડ બ્રેક થયો. વ્યકિતગત પરિણામ પણ ૨૦% જેટલા ઊંચા આવ્યા.

મારા સ્પષ્ટ મંતવ્ય મુજબ ગુજરાતમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટયો છે. એન્જિનિયરિંગ કોલેજો, મેડિકલ કોલેજો, બી.બી.એ.,બી.સી.એ. ફાર્મસી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ૫૦% થી વધુ બેઠકો ભરાતી નથી ત્યારે ભાજપ સરકારના જમાણસોથી ચાલતી આ શાળાઓને કમાણી કરવા માટે જ આ પરિણામો આપવામાં આવ્યા છે.

દરેક સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ પોતાની શાળાના વિદ્યાર્થીઓના પી.આર. રેન્ક સાથેના ફોટા છપાવી અમારી આ શાળાના વિદ્યાર્થીઓ ગુજરાતમાં પ્રથમ-બીજા-ત્રીજા નંબરે આવેલા છે તેવી લોભામણી જાહેરાતો આપવાનું શરૂ કરેલ છે. ધોરણ ૧૦ના આ પરિણામમાં ૬૯૦૦ વિદ્યાર્થીઓનો પી.આર. રેન્ક ૯૯% થી વધુ આવેલ છે. છાપાની જાહરાતતો વાંચશો તો

ખબર પડશે કે દરેક શાળાના વિદ્યાર્થી ગુજરાતના ટોપ-૧૦ માં હોય છે. આ લોકો ૯૯.૯૯ ને પ્રથમ, ૯૯.૯૮ ને દ્વિતિય, અને ૯૯.૯૬ ને ચોથા, ૯૯.૯૫, ને પાંચમા નંબરે ગણે છે અને વાલીઓ આ જાહેરાત થી ભ્રમિત થાય છે.

પી.આર. ખરેખર છે શું ? કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થાય ત્યારે તેની કરતાં કેટલા ટકા વિદ્યાર્થી તેની પાછળ છેતે દર્શાવતા અંકને પી.આર. કહેવાય તેની સ્પષ્ટ સમજ ધોરણ ૧૦ ના આ વર્ષના કુલ ૬,૯૯,૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે તેના આધારે આપું છું.

ભાગ ૧ : પી.આર. રેન્કની ગણતરી

પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થી કરતા ૬,૯૯,૫૯૮ વિદ્યાર્થીઓ પાછળ છે.

તેથી પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીનો પી.આર. રેન્ક (૬૯૯૫૯૭/૬૯૯૫૯૮) × ૧૦૦ ૯૯.૯૯૯૮૫૭ થશે.

બીજો નંબર મેળવનાર વિદ્યાર્થીનો પી.આર. રેન્ક (૬૯૯૫૯૬/૬૯૯૫૯૮) × ૧૦૦ ૯૯.૯૯૯૮૧૪ થશે.

ધારો કે ત્રીજા નંબર ઉપર સમાન ગુણ ૦૪ વિદ્યાર્થીઓ છે. તેનો પી.આર. રેન્ક (૬૯૯૫૯૨/૬૯૯૫૯૮) × ૧૦૦ ૯૯.૯૯૧૪૨ થશે.

૬૯૦૦ માં વિદ્યાર્થીનો પી.આર. રેન્ક (૬૯૯૫૯૨/૬૯૯૫૯૮) × ૧૦૦ ૯૯% થી વધુ પી.આર. થશે.

આનો અર્થ એ થાય કે ૯૯ % થી વધુ પી.આર. રેન્ક વિદ્યાર્થીની સંખ્યા ૬૯૦૦ છે એટલે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની લોભામણી જાહેરાતોથી વિદ્યાર્થી અને વાલીઓએ છેતરાવાની જરૂર નથી. આ પ્રાઈવેટ શાળાઓમાં કવોલિફાઈડ શિક્ષકો પણ નથી. લાયકાત વગરના શિક્ષકો ૧૦,૦૦૦ અથવા ૧૨,૦૦૦ રૂપિયામાં કામકરેછે ત્યાં ફકત પરીક્ષાલક્ષી ગોખણીઓ જ્ઞાન જ અપાય છે.

ભાગ ૨ : ઓછો પી.આર. વિદ્યાર્થી વાલી બેભાન

ધોરણ ૧૦ નું પરિણામ ૮૨.૫૬% આવ્યું છે તેનો અર્થ ૧,૨૨,૦૧૦ વિદ્યાર્થી નાપાસ થયા છે તેની પાસ થયેલ છેલ્લા વિદ્યાર્થીઓનો પી.આર. રેન્ક (૧૨૨૦૧૧/૬૯૯૫૯૮) × ૧૦૦ ૧૭.૪૪ થશે. છે ને કમાલ !

આ વિદ્યાથીની માર્કશીટમાં ખરેખર ૩૫% થી વધુ ગુણ હોવા છતાં આ વિદ્યાર્થીને માર્કશીટ જોઈને તેના વાલી નાસી પાસ થશે. તે આ માર્કશીટ ઘણા શિક્ષિત માણસોને બતાવશે કારણ કે પી.આર. રેન્ક ૧૭.૪૪ છે.

પહેલા માર્કશીટમાં ટકા અને પાસ/નાપાસ લખવામાં આવતું. હવે નાપાસ વિદ્યાર્થી હતાશ ન થાય એટલે એન.ઈ.ઈ.ડી. IMPROVMENT વધુ પ્રયત્નોની જરૂર છે આવું લખવામાં આવે છે. શું વાલીને મારું સંતાન નાપાસ છે તેની ખબર નહીં પડે ? આ કોઈ વિકલ્પ છે ખરો ?

GPSC અને UPSC ના દરેક વર્ષના પરિણામો જુઓ તો ખબર પડશે કે ગામડાઓની ગુજરાતી માધ્યમવાળી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ભણેલા બાળકો જ પરીક્ષાઓ પાસ કરે છે.

હું પણ એક જિલ્લાની શ્રેષ્ઠ ગ્રાન્ટેડ શાળાનો ભૂતપૂર્વ આચાર્ય છું. સારા ઉંચા પરિણામનો વિરોધ નથી. મારા બાળકો દરેક ક્ષેત્રમાં સફળ થાય તે જ અમારું ધ્યેય હોય પણ ભાજપ સરકારે છેલ્લા થોડા વર્ષોમાં તાલીમોનો અતિરેક, અભ્યાસક્રમોમાં વારંવાર ફેરફાર, બિનજરૂરી રીતે પરીક્ષા પદ્ધતિઓમાં ફેરફાર, ધોરણ ૮ નો પ્રાથમિક શાળમાં સમાવેશ (ગામડાઓની માધ્યમિક શાળાઓના પતનનું કારણ), ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ અને બી એમ ગ્રુપ ધોરણ ૧૦ ગણિતનું પાઠયપુસ્તક એક, ભણાવવાનું સાથે અને પરીક્ષાની બે રીતો બેઝિક અને સ્ટાન્ડર્ડ જેવા અખતરા કરી શિક્ષણની જે દશા કરી છે તે જોઈને હદય દ્રવી ઊઠે છે. એક બાજુ અમરેલી જિલ્લાની ફોરવર્ડ જેવી શ્રેષ્ઠ શાળાઓ બંધ થાય છે અને સામે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ ગલીએ-ગલીએ શરૂ થાય છે.

જરૂર છે દરેક નાગરિક-વાલીઓ-સામાજિક કાર્યકરો-ધર્મગુરૂઓને જાગવાની...! શિક્ષણ વગર સમાજનો વિકાસ શકય નથી.પરીક્ષા એ પરીક્ષા છે ! દરેક વિદ્યાર્થી અર્જુન ના બની શકે. ફકત સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ માટે આટલું પરિણામ આપી પરંતુ તેને નોકરી તો આપી શકાય તેમનથી. શકાય તેમ નથી. વિચાર...! આજનું શિક્ષિત યુવાધન વિદેશમાં જવા માટે દોટ મૂકી રહ્યું છે ત્યારે વાસ્તવિકતા ને સ્વીકારી હવામાં ઉડવાની જરૂર નથી. તમામ શિક્ષણવિદોને સાભાર અર્પણ.

**આર.વી.વિસાવળીયા**
**[B.Sc, MEd.] રાષ્ટ્રીય એવોર્ડ વિનર આચાર્ય,**
**ભૂતપૂર્વ આચાર્ય બી.જે. દોશી હાઈસ્કુલ, અમરાપુર 'રવિ કુજ' પટેલ નગર-મોટા આંકડિયા**

### હીટની સાથે હાર્ટએટેકથી મોતનો સિલસિલો જારી

# વડોદરામાં હીટ અને હાર્ટએટેકથી ૧૩નાં મોત

**આ બધા લોકોએ ગભરામણ, ચક્કર સહિતના લક્ષણો બાદ જીવ ગુમાવ્યા છે**

વડોદરા, તા.૨૧

વડોદરામાં હીટની સાથે હાર્ટએટેકથી મોતનો સિલસિલો જારી રહ્યો છે. કુલ ૧૩ લોકોએ હાર્ટ એટેકના લીધે જીવ ગુમાવ્યા છે. આ બધા લોકોએ ગભરામણ, ચક્કર સહિતના લક્ષણો બાદ જીવ ગુમાવ્યા છે. વડોદરામાં સોમવારે ગરમીને લગતી માંદગીના લીધે ચાર વ્યક્તિના મોત નીપજ્યા હતા. જ્યારે હાર્ટએટેકથી બેના મોત નીપજ્યા હતા. આ ઉપરાંત ડીહાઈડ્રેશનની તકલીફ અને બેભાન થવાથી બે વ્યક્તિના મોત નીપજ્યા છે. ખોડિયારનગરમાં ભાથીજી નગરના મુકેશ ચંદ્રને ગરમીના લીધે છેલ્લા ત્રણ દિવસથી તાવની તકલીફ હતી. સોમવારે પણ બેભાન થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા. તેમનું ત્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. કિશનવાડીમાં મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે નોકરી કરતા ૩૫ વર્ષીય કલ્પેશ સોનીને તાવ, ચક્કર, ઉલ્ટી અને ખેંચ આવતા હોસ્પિટલ લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર પછી મોડી રાત્રે બેભાન થતાં કલ્પેશ સોનીનું નિધન થયું હતું.

પ્રતાપ નગરમાં વૂડાના મકાનમાં રહેતા રાજુભાઈ ચંદુભાઈ પરમાર બેભાન થતાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમને ત્યાં ડોક્ટરે મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ જ રીતે આજવા રોડ પર ૫૬ વર્ષના સરદાર ગુરમીતસિંહ અને પ્રતાપનગર વૂડાના મકાનમાં રહેતા ૪૦ વર્ષીય રાજુ પરમારનું હાર્ટ એટેકના લીધે નિધન થયું હતું.

અસહ્ય ગરમીમાં હ્રદય રોગના હુમલાના કિસ્સામાં વધારો થયો છે. છેલ્લા બે દિવસમાં શંકાસ્પદ હ્રદય રોગના હુમલાને કારણે વડોદરા શહેરમાં નવ વ્યક્તિઓ જ્યારે મોગર ગામના એક વ્યક્તિ મળી ૧૦ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. વાઘોડિયા રોડ ઉપર અંબે વિદ્યાલય પાસે વૈકુંઠ સોસાયટીમાં રહેતા ૫૪ વર્ષીય નરેન્દ્ર ભાઈ મીરાબાઈ રાઠવા ઘરે બેભાન થયા હતા. ત્યાર બાદ હોસ્પિટલ લઈ જતા ડોક્ટરે મૃત ઘોષિત કર્યા હતા.બીજા બનાવમાં ૭૦ વર્ષ હંસાબેન નાયકને તેમના દીકરી અને જમાઈ વારંવાર ફોન કરતાં ફોન ન ઉઠાવતા પડોશીને જાણ કરી હતી. ઘરના દરવાજા બંધ હોય ફાયર બ્રિગેડને બોલાવી બહાર કાઢતા તેઓ બેભાન હતાં હોસ્પિટલ લઈ જતા તેમનું શંકાસ્પદ હ્રદય રોગના હુમલાથી મોત નીપજયું હતું. ડભોઇ રોડ ઉપર જલારામ નગરમાં રહેતા ૫૭ વર્ષ ચેતનભાઈ રાઠવા છાતિમાં દુખાવો થતાં હોસ્પિટલ લઈ જતા ત્યાં સારવાર દરમિયાન હાર્ટ અટેકથી મોત થયું.

તરસાલીના શારદા નગરમાં રહેતા ૫૭ વર્ષ કુમાર પાંડે છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલ ખસેડાયા પરંતુ તેમનું મોત થયું હતું. સમતા રોડ ઉપર સૌરભ પાર્ક સોસાયટીમાં રહેતા તરસાલીમાં રહેતા ૩૨ વર્ષીય સંજયભાઈ સોલંકી તેમને ગભરામણ થતાં સયાજી હોસ્પિટલ ખસેડાયા જ્યાં હ્રદય રોગથી તેમનું મોત નીપજ્યું હતું. વાસણા કોતરિયા ગામમાં રહેતા ૬૭ વર્ષે મગનભાઈ કેશુભાઈ રોહિત એકાએક છાતીમાં દુખાવો પડતા હોસ્પિટલ લઈ જતા શંકાસ્પદ હ્રદય રોગથી મોત થયું હતું અને છાણી વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાનની તબિયત લથડતા હોસ્પિટલ લઈ જતા શંકાસ્પદ હાર્ટ એટેકથી મોત થયું હતું.વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચાર ઉપર ૬૦ વર્ષે ગીતાબેન વાઘેલા ને એક ગરમી ના કારણે છાતીમાં દુખાવો શ્વાસમાં તકલીફ ચક્કર આવવાથી સયાજી હોસ્પિટલ ખસેડાયા જ્યાં તેમની તબિયત નાજુક હોવાનું તબીબો કહી રહ્યાં છે. તમામ હાર્ટ એટેક ના શંકાસ્પદ મોત છે. જો કે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ બહાર આવશે.

# અમરેલી ખાતે કવિ રમેશ પારેખને વિશેષ સ્મરણાંજલિ અર્પણ કરાઈ










કવિ રમેશ પારેખ સ્મરણ પર્વ૨૦૨૪ અંતર્ગત તેમની પૂણ્યતિથિ નિમિત્તે અમરેલી ખાતે તા. ૧૯/૫/૨૪ને રવિવારનાં રોજ ગદ્ય સાહિત્ય સભા અને સંવાદ અમરેલીનાં સંયુકત ઉપક્રમે ''સોનપરી આવે છાનકડી'' શિર્ષક બાલ કેનદ્રી કાર્યક્રમ ઉત્સવભેર સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. પ્રારંભમાં અમરેલીની પ્રખ્યાત ગાયિકા કુ. ઝીલ જોષીએ પ્રાર્થના ધ્વારા સ્વર શુકન કરાવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો સર્વ છગનભાઈ ધોરાજીયા, ભરત ઉપાધ્યાય, રિયાઝ વેરસિયા, સ્વાતિબેન જોશી, નીધી મહેતા સહિતના દીપ પ્રાગટય ધ્વારા વંદના કરી હતી. સંવાદના સંયોજક પરેશ મહેતાએ પૂર્વભૂમિકા રજૂ કરતા જણાવેલ કે આ ઉપક્રમથી બાલ સાહિત્યકાર રમેશ પારેખને વિશેષ સ્મરણાંજલિ રૂપે સંપૂર્ણપણે બાળકોને જ કેન્દ્ર રાખી આ ઉપક્રમ આયોજિત કરવામાં આવેલ છે. શાબ્દિક સ્વાગત વાસુદેવ સોઢા ધ્વારા કરવામાં આવેલ. ઉમળકાભેર શરૂ થયેલ આ ઉપક્રમમાં બહોળી સંખ્યામાં હાજર બાળકો, વાલીઓ, સર્જકો, ભાવકો સમક્ષ બાલ ગીતો, વાર્તાઓ, બાલગીતોની રિમિકસ, ટોની વાંદરાના કરતબ, બાલ નાટક, જાદુઈ ખેલ, ઉખાણાની રમત, અભિનય ગીત, લોકવાર્તા વગેરેની પ્રસ્તુતિ ભરત અગ્રાવત, ઉમેશ ચાવડા, રઘુ રમકડું, વાસુદેવ સોઢા, નીધી મહેતા, ચેતનાબેન બાજક, ઝીલ જોષી, સુરેશ નાંગલા, દિવ્યાર્થ પરમાર, જીયા રાવળ, વ્યોમ મહેતા, ત્રિશા વ્યાસ, ઝીલ તાપરિયા, કેશવી સોઢા વગેરે સહિતનાં ઉત્સાહભેર રજૂ કરી વેકેશન મૂડ, ધમાલ મસ્તી આનંદનો અનોખો અવસર, માહોલ સર્જી દીધો હતો. આ તકે કવિ રમેશ પારેખના સમકાલીન સર્જકો કવિ હર્ષદ ચંદારાણા અને છેલભાઈ વ્યાસએ રાજીપો વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષમાં શેર એન્ડ કેર પરિવાર ધ્વારા સ્લમ એરીયાનાં બાળકોને ખાસ હાજર રાખી આ અવસરે આનંદમાં સહભાગી બનાવ્યા હતા. ઉપક્રમ વચ્ચે છગનભાઈ ધોરાજીયા, સ્વાતિબેન જોશી, રિયાઝ વેરસીયા, મનીષ પારેખ વગેરે ઉષ્માસભર પ્રતિભાવ વ્યકત કરેલ. આ તકે સર્જકો બાલકિશન જોગી, ફિરોજ હસનાની, પ્રકાશ જોશી, કેતન કાનપરિયા, મુકેશ જોષી, ગોપાલ ધકાણ, પંકજ ચૌહાણ, મનીષ પારેખ (રાજકોટ), દિપ્તી વ્યાસ (ઉપલેટા), નીધી મહેતા (અમદાવાદ), રાકેશ નાકરાણી, પ્રકાશ પાઘડાલ, ઠાકર દંપતિ, ધર્મેન્દ્ર જોશી, મનીષ રામાણી, અંકિતા જોશી, યામીની કંસારા સહિતના બહોળી સંખ્યામાં ભાવકો બાળકોએ મોજ મસ્તી આનંદ માણ્યો હતો અને ધમાલ મસ્તીમાં સામેલ થયા હતા. અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર વતી કવિ ઉમેશભાઈ જોશીએ શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપરાંત કવિ ભરત વિંઝુડા, લાલજી કાનપરિયા, ગુણવંત વ્યાસ, રેખાબેન દવે, ગોરધન ભેસાણીયા, કૃપા ઓઝા, સંજીવ ધારૈયા, હસમુખ બોરાણીયા, રવજીભાઈ કાચા, ભારતીબેન ગોહિલ, દિવ્યા સોજીત્રા, ઉદય દેસાઈ, કેતન જોશી, મુકુંદભાઈ દવે, આર.પી. જોશી, મહેન્દ્રભાઈ જોશી, શિવજી રૂખડા, ધર્મેશ ઉનાગર, અરવિંદ ભટ્ટ, સંધ્યાબેન ભટ્ટ, નસીમબેન પઠાણ સહિતનાએ શુભેચ્છાઓ પાઠવી આર સરસમજાના અનોખા અવસરનો રાજીપો વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન, સંચાલન પરેશ મહેતા અને વાસુદેવ સોઢા ધ્વારા કરવામાં આવ્યું હતું.

## બાબરામાં સમસ્ત મેમકીયા પરિવારનાં સુરાપુરાના સાંનિધ્યમાં યજ્ઞ યોજાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૧

બાબરામાંસમસ્તમેમકીયા પરિવાર દ્વારા સુરાપુરા દાદાનાં સાંનિધ્યમાં યજ્ઞનું ભવ્ય આયોજન મેમકીયા પરિવારદ્વારા કરવામાં આવ્યું હતું.

યજ્ઞનાંઆચાર્યવિપુલભાઈ જોષીનાં આચાર્યપદે વિધિવિધાન સાથે યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાંપરિવારનાંલોકોજોડાયાહતા. મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમ યોજાયા હતા. દાદાનાં યજ્ઞમાં લાભ મેળવી મેમકીયા પરિવાર દ્વારા ધન્યતાની લાગણીઅનુભવીહતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૨ | ૧૨૨૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૧૫ | ૧૬૮૪ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૯૦ | ૧૬૬૬ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૦૦ | ૩૦૯૧ |
| ૮ | બાજરો | ૪૨૧ | ૪૫૯ |
| ૯ | જુવાર | ૪૩૫ | ૮૮૧ |
| ૧૦ | ઘઉં બંસી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૫૧ | ૫૭૧ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૯૨ |
| ૧૩ | મગ | ૧૬૫૦ | ૧૭૮૬ |
| ૧૪ | અડદ | ૧૭૫૬ | ૧૮૮૦ |
| ૧૫ | ચણા | ૧૦૪૦ | ૧૨૬૯ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૯૫ | ૧૨૭૦ |
| ૧૭ | તુવેર | ૧૩૭૦ | ૨૧૧૦ |
| ૧૮ | વાલ | ૭૦૫ | ૧૬૫૫ |
| ૧૯ | કપાસ | ૧૦૬૦ | ૧૫૨૧ |
| ૨૦ | એરંડા | ૯૫૦ | ૧૦૭૫ |
| ૨૧ | જીરૂ | ૨૧૦૦ | ૬૦૦૦ |
| ૨૨ | રાયડો | ૯૬૧ | ૯૬૭ |
| ૨૩ | ઈસબગુલ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| ૨૪ | ધાણા | ૧૦૭૦ | ૧૪૦૦ |
| ૨૫ | ધાણી | ૧૧૭૦ | ૧૬૨૧ |
| ૨૬ | મેથી | ૮૦૦ | ૧૧૮૧ |
| ૨૮ | સોયાબીન | ૮૨૬ | ૮૮૬ |
| ૨૮ | મરચા લાંબા | ૭૫૦ | ૩૭૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## પિતરાઈ બે ભાઈઓનાં મોત

રાજેશભાઈ અરજણભાઈ શિયાળે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે. ૧૧ એએલ ૦૦૮૪ પુરઝડપે અનેબેફીકરાઈથીચલાવીસ્ટેરીંગપરનો કાબુ ગુમાવી પુલના ડીવાઈડર (સિમેન્ટનોખાંભો)સાથેઅકસ્માતકરી પોતાનેતથાપાછળબેસેલઅરવિંદભાઈ સાર્દુળભાઈશિયાળનેશરીરે નાનીમોટી તથા ગંભીર ઈજાઓ કરીપોતાનું તથા પિતરાઈ ભાઈ અરવિંદભાઈ બંનેના મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરા પંથકમાં ખનિજ ચોરી

રહ્યો છે.

જોકે સુજલામ સુફલામ યોજન હેઠળ ખેડૂતોને પરવાનગી હેઠળ માટી ઉપડવાની છૂટ રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે. પણ અમુક તત્વો આ યોજનાનો ગેરલાભ ઉઠાવી રહ્યાની જાણ સ્થાનિક મામલતદાર જાનવીબા જાડેજાને થતા તેઓ દ્વારા મોડી રાત્રે રેડ કરતા ત્રણ જેટલા ડમ્પર માટીચોરી કરી જીઆઈડીસીમાંખાનગીજગ્યામાંખાલી કરતા હોવાથી મામલતદાર દ્વારા પકડી કડક કાર્યવાહી કરેલ છે.

મામલતદાર દ્વારા જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ યોજનાનો ગેરલાભ ઉઠાવી આવા લોકો માટીચોરી કરતા હોવાથી કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરા એસ.ટી. ડેપો દ્વારા

કે કયાં કારણોસર બંધ કરી દેવામાં આવી છે કે જેના હિસાબે લોકોને નાછૂટકે ખુલ્લા વાહનનો સહારો લેવો પડે છે. જયારે હાલમાંબગસરાપંથકમાંભયંકર ગરમી પડીરહેલછેત્યારેબગસરાડેપોમેનેજર દ્વારાબેફામબસોબંધકરવામાંઆવીછે અને ખાનગી વાહનોને પ્રોત્સાહન આપવામાંઆવેલછે તેવી પેસેન્જરોમાં ફરિયાદ ઉઠી છે. જયારે આ બાબતે પેસેન્જરએસોસિએશનનેરજુઆતપણ લોકોદ્વારા કરવામાં આવીછે કેઆવીરીતે બેફામ બસો એસ.ટી. નિગમ દ્વારા બંધ કરવામાં આવી છે જેના લીધે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે જયારે પેસેન્જરએસોસિએશનદ્વારાલેખિતમાં ડેપોમેનેજરનેપૂછીલોકોનાપ્રશ્નનુંતત્કાલ નિવારણ કરવામાં આવશે તેવી ખાતરી આપીહતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૫૧ | ૧૩૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૩૦ |
| ૩ | શીંગ નવી | ૧૦૫૧ | ૧૨૨૧ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૧ | ૨૮૮૧ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૮૦ |
| ૬ | જીરૂ | ૫૦૦૦ | ૬૩૧૧ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૪૯૪ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૮૩ |
| ૧૦ | બાજરો | ૩૯૦ | ૫૨૨ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૮૨૩ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૯૨૬ |
| ૧૩ | મેથી | ૧૦૯૦ | ૧૨૨૨ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૨૦૦ | ૧૩૦૧ |
| ૧૬ | તુવેર | ૧૯૫૦ | – |
| ૧૭ | એરંડી | ૧૦૨૧ | ૧૦૭૦ |
| ૧૮ | સુવાદાણા | ૧૫૦૧ | – |
| ૧૯ | ધાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૮૩૬ |

પાના ૮ ઉપરનું ચાલું

## ચિતલનાં મિલન કોટેક્ષમાં

મીલન કોટેક્ષ જીનમાં કપાસ ફેરવવાની મજૂરી કામ કરતા હતા. ત્યારે જીનમાં આવેલ કપાસના મોટા ઢગલો હોય તેના ઉપર ઉભા હતા. ત્યારે કપાસ ફેરવવા માટે અલ્તાફભાઈ યુનુસભાઈ શિયાણીનુ લોડર ચલાવતા હતા. આ દરમિયાન કુવરસિંહને ચક્કર જેવું આવતા અચાનક એકાએક તેઓ કપાસના ઢગલા ઉપરથી નીચે પડેલ હતા. તે દરમિયાન લોડર ચાલક અલ્તાફભાઈએ લોડર પુર ઝડપે થી ગફલત ભરી રીતે ચલાવી કપાસ ઢગલામાં કપાસ નાખવા જતા હોય ત્યારે કુવરસિંહ કપાસના ઢગલા ઉપરથી નીચે પડેલ ત્યારે આ અલ્તાફભાઈ લોડર ઝડપથી ચલાવતા હોય જેથી બ્રેક ન લાગતા લોડરની આગળની સુપડીના દાતા કુવરસિંહના શરીરને વાગી ગયેલ જેથી તેમને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી લીધેલ હતી. ૧૦૮ આવી જતા ડોકટરે કુવરસિંહ કુશવતલાલ સિંહને તપાસી મરણ ગયેલ હોવાનુ જણાવેલ હતું. આ અંગે લોડર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૨ | ઘઉં | ૪૬૫ | ૫૧૮ |
| ૩ | ચણા | ૯૨૫ | ૧૧૬૦ |
| ૪ | સફેદ ચણા | ૧૨૭૫ | ૧૭૦૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૬ | તલ | ૨૬૫૧ | ૨૭૧૧ |
| ૭ | એરંડા | ૧૦૬૦ | ૧૦૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૧ | ૧૪૯૯ |
| ૨ | મગફળી | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ૩ | ચણા | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ૪ | જીરૂ | ૪૧૪૦ | ૬૪૫૦ |
| ૫ | ઘઉં | ૪૯૫ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૨૪૨૦ | ૨૭૩૦ |
| ૭ | એરંડા | ૯૬૫ | ૯૯૫ |
| ૮ | મગ | ૧૨૮૫ | ૧૩૨૫ |
| ૯ | બાજરો | ૪૨૨ | ૪૨૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૯૧૫ | ૧૨૧૫ |
| ૩ | ધાણા | ૧૧૧૦ | ૧૨૬૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૩ | ૫૧૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૯ |
| ૬ | એરંડી | ૧૦૪૪ | ૧૦૪૪ |
| ૭ | જુવાર | ૪૩૫ | ૬૨૫ |
| ૮ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૫૧ |
| ૧૦ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૭૯૫ |
| ૧૧ | મગફળી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૨ | મકાઈ | ૪૦૩ | ૫૨૦ |
| ૧૩ | સીંગફાડા | ૧૫૫૦ | ૧૫૬૫ |
| ૧૪ | સોયાબીન | ૮૦૮ | ૮૬૦ |
| ૧૫ | તુવેર | ૧૨૬૦ | ૧૬૫૦ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની

કામ થતું નથી તેમજ ઉભા કરેલા કોલમમાંસ્ટીલયોગ્યપ્રમાણેનાખવામાં આવતુંનથીઅનેઆ કામમાં કોટેડ સ્ટીલ નાખવાનું હોય છે તેના બદલે ડમી સ્ટીલ લાવી સ્થળ ઉપર કલર કરી વાપરવામાં આવે છે. તેમજ આમા વપરાતી સિમેન્ટ પણ મીની પ્લાન્ટની વાપરે છે. આ યોજનામાં સિમેન્ટ કોંક્રિટ કરવા માટે પેચીંગ પ્લાન્ટ હોવો જોઈએ તેના બદલે સામાન્યમીલરથીમાલબનાવીવાપરેછે. તદુઉપરાંત કોલમના ફાઉન્ડેશનની ઉંડાઈ ઘણી ઓછી છે. કોલમની નીચે ફુટીંગની જાળીની સાઈઝ ઘણી ઓછી રાખેલ છે. લોખંડ પ્રમાણ કરતા ઓછું વાપરવામાં આવી રહ્યું છે. કોલમમાં વપરાતી રીંગ પણ યોગ્ય સેન્ટરે બાંધવામાં આવતી નથી. આ કામમાં વપરાતુંસ્ટીલસ્ટાન્ડર્ડ કંપનીનીજગ્યાએ લોકલ કંપનીનુંવાપરવામાંઆવીરહ્યુંછે તેમજ આ કામ જાણે રામ ભરોસે ચાલતું હોય તેમ સ્થળ ઉપર કંપની માન્ય એન્જીનીયર હાજર હોતા નથી.

આમ સાવરકુંડલાની જનતાના નસીબમાં આવી ભ્રષ્ટાચારી એજન્સી જ કામ કરવા આવતી હોય તેવું લાગીરહ્યુંછે.આઅગાઉશહેરનારસ્તાના કામમાં, ગટરનાકામમાં, ડમ્પીંગસાઈડની દિવાલનાકામમાં, ગુજરાતગેસકંપનીના પાઈપ લાઈન નાખવાના કામમાં વિગેરે કામમાં એજન્સીઓ ધ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર કરી સાવરકુંડલા શહેરની હાલત દયનીય સ્થિતિમાં કરી મુકેલ છે. ત્યારેહવેઆસુએજટ્રીટમેન્ટપ્લાન્ટનાંરૂા. ૨૪ કરોડના કામમાં પણ અંકિતા કન્સ્ટ્રકશન કું. અમદાવાદ ધ્વારા હલ્કી ગુણવત્તાનામટીરીયલ્સથીનબળુકામકરી ભ્રષ્ટાચાર ચાલું કરવામાં આવી રહ્યો છે. ત્યારે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રીધ્વારાઆઅંગેસરકારમાંઉચ્ચ સ્તરેફરિયાદકરીઆયોજનાનુંનબળુકામ અટકાવી નાણા ન ચુકવવા રજૂઆત કરેલછે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **જોહરાબેન રફીકભાઈ રાવાણી** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી સુધરાઈ હદમાં બટારવાડી ગાયત્રીનગર કો.ઓ.હા. સોસાયટી
રે. સર્વે.નં. ૮૬/૧, ૮૬/૩ બ્લોક નં. ૭ જેના ચો.મી. ૨૮૮–૪૫
રજી. દસ્તાવેજ નં. ૧૦૮૩ તારીખ : ૦૨/૦૩/૨૦૨૧

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ પ્રિતીબેન પિનાકીનભાઈ શુકલ પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. પ્રિતીબેન પિનાકીનભાઈ શુકલે ઉપરોકત મિલ્કત ભારતીબાળા કનૈયાલાલ ગોરખીયા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૫૯૭ તા. ૦૮/૦૨/૨૦૧૯નાં રોજ ખરીદ કરેલ છે. ભારતીબાળા કનૈયાલાલ ગોરખીયાને તા. ૧૮/૦૬/૧૯૮૧નાં ઠરાવથી ગાયત્રીનગર કો.ઓ.હા. સોસાયટી પાસેએ સનદથી ફાળવેલ છે. જે અસલ સનદ ખોવાઈ જતાં ગાયત્રીનગર કો.ઓ.હા. સોસાયટીએ તા. ૩૦/૦૯/૨૦૧૮નાં રોજ ડુપ્લીકેટ સનદ ઈસ્યુ કરેલ છે.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૦૫/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૨૧૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૧૩ |
| ૩ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૭૬ |
| ૪ | તલ પીળા | ૨૮૫૦ | ૨૮૮૧ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૦૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૪૧ |
| ૮ | જુવાર | ૪૨૫ | ૮૭૩ |
| ૯ | મકાઈ | ૪૨૬ | ૪૨૬ |
| ૧૦ | મગ | ૧૫૦૨ | ૧૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૮૭૫ | ૧૮૭૫ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૮૧ |
| ૧૩ | એરંડા | ૯૧૬ | ૯૧૬ |
| ૧૪ | સોયાબીન | ૮૪૨ | ૮૫૧ |

## ટીવી ડીબેટમાં દિ'ઉગેને બુદ્ધિનું પ્રદર્શન કરનાર ભાજપનાં પ્રવકતાની બુદ્ધિ બગડી

# સંબિત પાત્રાનો બકવાસ : ભગવાન જગન્નાથને મોદીનાં ભકત ગણાવ્યા

**દેશભરનાં હોબાળો થતાં બકવાસ કરનાર સંબિત પાત્રાએ હાથ જોડીને માફી માંગી**

**હવે, પસ્તાવો કરવા અને ભુલ સુધારવા ૩ દિવસ સુધી ઉપવાસ કરવાની જાહેરાત કરી**

**છેલ્લા ૧૦ વર્ષથી નેશનલ ચેનલમાં મનઘડત બકવાસ કરનાર ભાજપનાં પ્રવકતા સામે રોષ ઉભો થયો**

**ઓરિસ્સાનાં મુખ્યમંત્રી નવિન પટનાયક, કોંગી પ્રમુખ ખડગે–રાહુલ ગાંધીએ આકરી પ્રતિક્રિયા વ્યકત કરી**

પુરીતા,૨૧

ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી ભાજપનાં ઉમેદવાર સંબિતપાત્રા ભગવાન જગન્નાથ પર નિવેદન આપીને વિવાદમાં ફસાયા છે. સોમવારે (૨૦ મે) એક મીડિયા ચેનલ સાથે વાત કરતા સંબિત પાત્રાએ કહયું કે ભગવાન જગન્નાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ભકત છે.

સંબિત પાત્રાનું આ નિવેદન ૨૦ મેના રોજ આવ્યું હતું. જયારે પીએમ મોદી પોતે તેમના સમર્થનમાં રોડ શો કરવા પુરી પહોચ્યા હતા. ગઈકાલે ઓડિશામાં ૫ લોકસભા અને ૩૫ વિધાનસભા બેઠકો પર પણ ચુંટણી યોજાઈ હતી. પુરી લોકસભા



સીટ માટે છઠ્ઠા તબક્કામાં એકટલે કે ૨૫ મેના રોજ મતદાન થશે.

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સહિત ઘણા મોટા નેતાઓએ સંબિત પાત્રાના નિવેદનની ટીકા કરી હતી. આ પછી તેણે માફી માંગવી પડી હતી.

તેણે તેનો વિડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રિલીઝ કર્યો છે. હું જગન્નાથજીના ચરણોમાં માથું નમાવીને માફી માંગું છું. હું પસ્તાવો કરવા અનેમારી ભુલ સુધારવા માટે આગામી ૩ દિવસ ઉપવાસ કરીશ.

આ પહેલા નવીન પટનાયકને લખેલી અન્ય પોસ્ટમાં પાત્રાએ કહયું હતું. આજે પુરીમાં પીએમ મોદીના રોડ શોની સફળતા બાદ મેં ઘણી મીડિયા ચેનલોને નિવેદન આપ્યું હતું. દરેક જગ્યાએ મેં કહયું કે મોદીજી મહાપ્રભુ જગન્નાથના ભકત છે. એક સમયે મેં આકસ્મિક રીતે વિરૂદ્ધ કહયું આપણે બધા કયારેક કયારેક જીભ લપસી જઈએ છીએ. તેને મુદો ન બનાવો. સંબિત પાત્રાના નિવેદન અંગે સી.એમ. નવીન પટનાયકો સોશિયલ મીડિયા પર લખ્યું. મહાપૂભુ શ્રી જગન્નાથ બ્રહ્માંડના ભગવાન છે. મહાપ્રભુને કોઈપણ મનુષ્યનો ભકત કહેવો એ ઈશ્વરનું અપમાન છે.

તેનાથી વિશ્વભરના કરોડો જગન્નાથ ભકતો અને ઉડિયા લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. ભગવાન જગન્નાથ ઓડિયા ઓળખનું સૌથી મોટું પ્રતીક છે. ભાજપનાં નેતાએ ઓડિયાની ઓળખને ઠેસ પહોંચાડી છે. રાજયની જનતા આ યાદ રાખશે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધીએ પણ ભાજપનાં નેતાના નિવેદનની ટીકા કરી હતી. ખડગેએ કહયું – સત્તાના નશામાં ધૂત ભાજપ આપણા ભગવાનને પણ નહીં છોડે. ૪ જુને જનતા તેમના ઘમંડનો અંત કરશે.

રાહુલે કહયું – જયારે વડાપ્રધાન પોતાને સમ્રાટ માનવ લાગે છે અને દરબારીઓ તેમને ભગવાન માનવા લાગે છે. તો તેનો સ્પષ્ટ અર્થ થાય છે કે પાપની લંકાનું પતન નજીક છે. ભાજપનાં મુટ્ઠીભર લોકોને કરોડો લોકોની આસ્થાને ઠેસ પહોંચાડવાનો અધિકાર કોણે આપ્યો? આ અહંકાર જ તેમના વિનાશનું કારણ બને છે.

બીજુ જનતાદળ (બીજેડી)એ પુરીથી ભાજપના સંબિત પાત્રા સામે અરૂપ પટનાકને પોતાનાં ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. અરૂપ પટનાયક મુંબઈના ભુતપુર્વ પોલીસ કમિશનર છે. કોંગ્રેસે અહીંથી સુચરિતા મોહંતીને ઉમેદવાર બનાવ્યા હતા. જો કે, સુચરિતાએ ૪ મેના રોજ તેની ટિકિટ પરત કરો.

સુચરિતાએ પાર્ટીના મહાસચિવ કેસી વેણું ગોપાલને પત્ર લખીને ટિકિટ પરત કરી હતી. જેમાં તેમણે ચુંટણી લડવા માટે પાટી તરફથી ફંડ ન મળવાની વાત કરી હતી. કોંગ્રેસ ૨૦૧૪ ની લોકસભા ચુંટણીમાં પણ સુચરિતાને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા.

ઘુરી લોકસભા સીટ પર ૧૯૫૨માં સ્થાપના થઈ ત્યારથી કોંગ્રેસ અને બીજેડીનું વર્ચસ્વ છે. કોંગ્રેસ અહી છ વખત જીતી છે. ૧૯૫૨, ૧૯૬૨, ૧૯૭૧, ૧૯૮૦, ૧૯૮૪ અને ૧૯૯૬, આસીટ ૧૯૯૮ થી બીજેડી પાસે છે.

બીજેડીના પિનાકી મિશ્રાએ ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં ૫ લાખ ૩૮ હજાર મતોથી જીત મેળવી હતી. બીજેપીના સંબિત પાત્રા ૫ લાખ ૨૬ હજાર મતો સાથે બીજા ક્રમે છે. કોંગ્રેસ ગત ચુંટણીમાં સત્યપ્રકાશ નાયકને ટિકિટ આપી હતી. જો કે તેમને માત્ર ૪૪.૭૩૪ વોટ મળ્યા હતા.

---

### ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલનું નિવેદન

# લીલીયા : મોટા વન્યપ્રાણીઓને પીવાનાં પાણી માટે કુત્રિમ સ્ત્રોત ઉભા કરો

**કાળજાળ ગરમીમાં પ્રાણીઓ પાણી વિના તરસે છે**

લીલીયા તા. ૨૧

લીલીયા ભાજપનાં અગ્રણી ભાસ્કરભાઈ પટેલ વન્યપ્રાણીઓ માટે પીવાના પાણીનાં કૃત્રિમ સ્ત્રોત ઉભા કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે અમરેલી જીલ્લામાં અને ખાસ કરીને લીલીયા તાલુકામાં જયાં વન્ય અભ્યારણ આવેલ છે તે વિસ્તારમાં પીવાના પાણી માટે કુત્રિમ સ્ત્રોત ઉભા કરવાની આવશ્યકતા છે. કારણ કે હાલ વધારે પ્રમાણમાં ગરમી અને ઉચા તાપમાનને લીધે પાણી માટે વન્યપ્રાણીઓને જયાં ત્યાં ભટકવું પડે છે.

અમરેલી જીલ્લામાં તાજેતરમાં સિંહ અને સિંહણના ડૂબી જવાથી મોત નિપજેલ રાજય



સરકારના વન વિભાગ તરફથી વન્ય પ્રાણી સપ્તાહની દર વચ્ચે ઉજવણી કરવામાં આવે છે. બીજીબાજુ વનતંત્ર જ ગીરના આભુષણ સમાન સિહોને બચાવવામાં ઉભુ ઉતર્યુ છે. છેલ્લા ઘણા સમયથી ટ્રેનની અડફેટ આવવાના કારણે તેમજ કુવામાં પડી જવાના કારણે અથવા વિજવાયરને અડી જવાથી સિંહોના મોત નિપજયા છે. સરકાર વન્યપ્રાણીઓ ને બચાવવા માટે કાર્યક્રમો કરી રહી છે. પરંતુ આ કાર્યક્રમો માત્ર નર્યા તુત સમાન રહ્યા છે. વન ખાતાનાં અમુક કર્મચારીઓ જ ગેરકાદેસર સિંહ દર્શન કરાવતા હોવાની ફરિયાદો અનેકવાર ઉઠી છે. પરંતુ આવા અધિકારીઓ અને દડક કાર્યવાહી કરવામાં આવી હોય તેવું ધ્યાનમાં આવ્યું નથી. રેલ્વે ટ્રેક ઉપર ઘણીવાર સિંહોના મોત થાય છે. આવી ઘટનામાં મોતનો ટાંક પિછોડો કરવાનાં વન વિભાગના અધિકારીઓના મોઢા સિવાય જાય છે. વનઅધિકારીઓનું જતુ વલણ અને બેદરકારી રહી અને સરકાર સિંહો બચાવવા માટે કોઈ નકકર કામગીરી નહી કરે તો આવતી પેઢીને સિંહો ફકત પાઠયપુસ્તકો અને ટી.વી.માં જ જોવા મળશે.

---

### પૂ. ભોજલરામબાપા જન્મોત્સવની પુર્વ સંઘ્યાએ

# અમરેલીનાં ભોજલરામ મંદિર આજે સાંજે સત્યનારાયણની કથા યોજાશે

**ઈફકો ચેરમેન, કેન્દ્રીયમંત્રી અને અમર ડેરી ચેરમેન ઉપસ્થિત રહેશે**







અમરેલી, તા.૨૧

તા.૨૨/૦૫/૨૦૨૪ને બુધવારના રોજ ભોજલરામ બાપાની ૨૩૯ મી જન્મજયંતિ નિમિતે અમરેલી મુકામે નાગનાથ મંદીર સામે ભોજલરામ બાપાનાં મંદીરે સાંજનાં ૬:૩૦ કલાકે અમર ડેરી દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ કથામાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, એમ.ડી.ડો.આર.એસ.પટેલ તથા અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘનાં પ્રમુખ અમરેલી જિલ્લા સહકારી સંઘનાં પ્રમુખ મનિષભાઈ સંઘાણી, અમરેલીના સાસંસદ નારણભાઈ કાછડીયા, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દિનેશભાઈ પોપટ, અમર ડેરી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ તથા અમરેલી જિલ્લા સહકારી સંઘના તમામ ડીરેકટરઓ તથા સહકારી આગેવાનો હાજર રહેવાના છે. નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

---

**અમરેલીના મહે, પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં – મુકામ : અમરેલી**

કેવીએટ અરજ નં. ૨૮/૨૦૨૪

**અરજદાર :–** **શ્રી ચિફ ઓફીસર સાહેબ,**
અમરેલી નગર પાલિકા કચેરી,
નગર સેવા સદન, અમરેલી

–: વિરૂધ્ધ :–

**સામાવાળા :–** –૦–૦–૦–

**બાબત :– સીવીલ પ્રોસીજર કોડની કલમ ૧૩૮(એ) અન્વયે કેવીએટ અરજ.**

સદર કામે અમો અરજદાર હાલની આ કેવીએટ અરજ લાવીએ છીએ કે :–

(૧) અમો અરજદાર અમરેલી નગરપાલિકાના ચિફ ઓફીસર તરીકે ફરજ બજાવીએ છીએ. અને સરકારશ્રીની ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન દ્વારા સરકાર શ્રી પ્રેરીત અમૃત ૨.૦ (સ્વેપ–૩) યોજનાના વોટર સપ્લાય કોમ્પોનેન્ટ હેઠળ મંજુર થયેલ કામ બીડ ડોકયુમેન્ટ ફોર ડીઝાઈનીંગ કમ્સ્ટ્રકટીંગ ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ઓફ આર.સી.સી.અન્ડરગ્રાઉન્ડ સંપ, આર.સી.સી.ઈ.એસ.આર, રાઈઝીંગ મેઈન, ડીસ્ટ્રીબ્યુશન ડી.આઈ.પાઈપલાઈન, પંપ રૂમ, એચ.એસ.સી.એફ.પંપીંગ મશીનરી, ઈલેકટ્રોનીક કેમીકલ વર્ક, કમ્પાઉન્ડ વોલ વિથ ૫–યર્સ, ઓ.એન્ડ એમ.ફોર અમરેલી નગરપાલિકા, જિલ્લો અમરેલી અંડર 'અમૃત ૨.૦ (ટ્રેન્ચ–૩)' (ટેન્ડર આઈ.ડી.ક્રમાંક ૪૯૭૦૬)ની યોજના અન્વયે અમરેલી શહેરના રેવન્યુ સર્વે નં.૧૪૬ બિનખેતી 'શ્રી વલ્લભનગર' નામે પ્લોટીંગ આવેલ છે. સદર હું સોસાયટીમાં ૧૯૦ જેટલા પ્લેટો આવેલ છે. અને આ સોસાયટીમાં કોમન પ્લોટ નં.૪ જેનું ક્ષેત્રફળ ૨૫૭૨–૦૮ ચો.મી.છે. સદરહું કોમન પ્લોટમાં અમો અરજદાર દ્વારા સરકારશ્રીની યોજના અંતર્ગત પાણીની ઓવર હેડ ટાંકી તથા અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવા માટે અને શહેરમાં પાણી પુરવઠાની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે તે માટે આ કોમન પ્લોટ આ સોસાયટીનાં રહીશો દ્વારા તા.૧૫/૦૧/૨૦૨૪ના રોજ સંમતિ પત્ર આપી અને આ વિસ્તારનું મોટા પાયે ડેવલોપમેન્ટ થતું હોય તેથી આ વિસ્તારમાં પાણી પુરવઠાને લગતા લોકયોગ્ય કામગીરી થઈ શકે તે માટે આ કોમન પ્લોટ નગર પાલિકા હસ્તક સોંપવામાં આવેલ છે. અને તે અંગે સંમતિપત્ર પણ કર આપવામાં આવેલ છે. અને આ કોમન પ્લેટમાં સરકારશ્રી ની વો.વ./અમૃત ૨.૦ (સ્વેપ–૩) યોજના તળે આ કામનું વર્ક ઓર્ડર અમરેલી નગરપાલિકા દ્વારા જાવક નં.વો.વ./અમૃત ૨.૦ (સ્વેપ–૩)/વોટર સપ્લાય / ટેન્ડર આઈ.ડી.૪૯૭૦૬ / ૧૬૫/૨૦૨૪, તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજ વર્ક ઓર્ડર મારૂતિ એન્ટરપ્રાઈઝ, રાજકોટને ઈસ્યું કરી આપવામાં આવેલ છે. અને તે અનુસંધાને આ સરકારશ્રીની યોજના દ્વારા તમામ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને નિયમાનુસાર ત્યાં જાહેર હેતું માટે આ અમૃત ૨.૦ (સ્વેપ–૩) યોજનાના વોટર સપ્લાય કોમ્પોનેન્ટની કાર્યવાહી શરૂ કરવા જઈ રહેલ છીએ. અને આ કામની અંદાજીત રકમ રૂા.૩,૭૮,૦૧,૨૫૩–૦૦ ની થાય છે. અને આ કામ ૧૨ માસના સમય મર્યાદામાં પુર્ણ કરવાનું થતું હોય અને આ જાહેર હિતનું કામ થતું હોય તે સમય મર્યાદામાં પુર્ણ કરવું જરૂરી હોય અને આ કામગીરી શરૂ થાય ત્યારે કોઈપણ વ્યકિત કે સંસ્થા દ્વારા કે કોઈ સોસાયટી દ્વારા કે કોઈપણ રીતે આ કામમાં અડચણ અટકાયત થાય તેવી પુરી શકયતા હોય અને જો તેમ થાય તો જાહેર હેતુ માટે અમો અરજદાર દ્વારા સરકાર શ્રીની યોજના અનુસાર સમય મર્યાદામાં આ કામ પુર્ણ કરવામાં કોઈપણ રીતે અડચણ અટકાયત કરી અને ખોટી રીતે દાવા દાખલ કરી અને સ્ટે મેળવવા પ્રયત્ન થાય તેમ હોય અને જો તેમ થાય તો જાહેર હિતને મોટું નુકસાન થાય તેમ હોય અને સમય મર્યાદામાં કામ પુર્ણ ન થાય તો જાહેર હિતને નુકસાન થાય તેમ હોય તેથી અમારે હાલની આ જાહેર કેવીએટ દાખલ કરવાની ફરજ પડેલ છે.

(૨) આ કેવીએટ અરજ ઉપર નિયત થયેલ કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૧૦૦/– નો ચોડેલ છે.

(૩) આ જાહેર કેવીએટ હોય તેથી આ સાથે લોકલ દૈનિક પેપરમાં જાહેર પ્રસિદ્ધિ કરવા અલગથી અરજી આપેલ છે.

**(૪) સબબ આ કેવીએટ અરજ કરી માંગણી કરવાની કે,**

કોઈપણ ઈસમ દ્વારા કે સંસ્થા દ્વારા કે કોઈ સોસાયટી દ્વારા કે કોઈ ટ્રસ્ટ દ્વારા કોઈપણ રીતે કોઈપણ પ્રકારનો દાવો અમો સામે કરી અને કોઈપણ જાતનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજી આપે તો તેવી કોઈ વચગાળાનાં મનાઈ હુકમની અરજીમાં કોઈપણ જાતનો હુકમ કરતા પહેલા અમોને નોટિસ કરી અમોને સાંભળી અને ત્યારબાદ જ કોઈ નિર્ણય કરવા હુકમ કરવા મહે.થશે.

**તા.૦૨/૦૫/૨૦૨૪**
**અમરેલી**

( ડી. એમ. ભટ્ટ )
અરજદાર તરફે એડવોકેટ

---


### વેલનાથ સેવા સમાજ ટ્રસ્ટે શુભેચ્છા પાઠવી

# અમરેલીનાં દિવ્યાંગ માતા–પિતાની લાડલી દિકરી ધ્રુવીને ધો.૧૨ માં ૯૯.૨૯ પીઆર

**સીએ બનવાની ઈચ્છા હોય આર્થિક મદદ કરવા અનુરોધ**

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરના જેસીંગપરા, રામપરા બાબરીયાની વાડી પાસે રહેતા એક ખુબ જ મધ્યમ પરિવારની દીકરી જાદવ ધ્રુવી વિપુલભાઈ કે જેજાદવ ધ્રુવી વિપુલભાઈ કે જેઓ ધો. ૧૨ કોમર્સ માં શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ અમરેલી ખાતે અભ્યાસ કરતી અને પણ તેજસ્વી એવી જાદવ ધ્રુવિ જે મધ્યમ પરિવાર અને તેમના માતા–પિતા પણ દિવ્યાંગ હોય અને આ દિકરીને ભણાવવા–ગણાવવા પેટે પાટાબાંધી બંને દિવ્યાંગ માતા–પિતા નોકરી કરી અને દિકરીને અભ્યાસ કરાવતા અને દિકરી ધ્રુવિ પણ ભણવામાં ખુબ જ હોશિયાર હતી. અને આ વખતે



તેમણે ધો–૧૨ કોમર્સમાં ૯૯.૨૯ પી.આર. અને ૯૧.૫૭ ટકા સાથે અમરેલીની શ્રીમતી જીજીબેન હાઈસ્કૂલ અમરેલીમાં તે પ્રથમ ક્રમાંકે આવી અને અમરેલીનું નામ રોશન કર્યુ છે. ત્યારે આ દિકરી જાદવ ધ્રુવી વિપુલભાઈને આગળ સી.એ.નો અભ્યાસ કરવાની ઈચ્છા હોય પરંતુ તેમના ઘરની પરિસ્થિતીને ધ્યાને લઈને જો કોઈ તેમનસ મદદ કરે તોો તેમનું સી.એ. બનવાનું સપનુ પણ સાકાર થાય એમ હોય કારણ કે આ દિકરી ભણવામાં એટલી તેજસ્વી છે પરંતુ હાલની ઘરની પરિસ્થિતીઓને લઈ તે વિચારમાં અટવાય છે ત્યારે અનેક સંસ્થાઓ પણ જો પોતાની ફરજ સમજી આ દિકરીને ભણવામાં ફુલ નહી તો ફુલની પાખડી રૂપી મદદ કરે તો આ દિકરી ખરેખર પોતાનું ભવિષ્યને ઉજવળ કરી શકશે.

તેમને મદદ માટે : રમેશભાઈ મકવાણા ૯૭૩૭૩૯૭૮૩૧ પર સંપર્ક કરવો.

---

### તાલુકા પંચાયતનાં પ્રમુખ કાછડીયા દ્વારા

# સાવરકુંડલાનાં ગાધકડા ગામે પીવાનાં પાણીની તાકીદે વ્યવસ્થા કરવા રજુઆત

**ધારાસભ્ય કસવાલાએ પણ તંત્રને સુચના આપી**

સાવરકુડલા, તા. ૨૧

ઉનાળાની ગરમીના પ્રકોપમા ગાધકડા ગામે નર્મદાના પાણીનો પઢતો જથ્થો હોવા છતા વિતરણ વ્યવસ્થામાં ખામી અને વાલમેનની બેદરકારી ધ્યાને આવતા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયાએ ધારાસભ્ય મહેશ કસવાલાનું ધ્યાન દોર્યુ હતુ તે અંગે તાત્કાલીક ટી.ડી.ઓ સાવરકુંડલાએ અધીકારીની ટીમ મોકલી નિયમીત પુરતુ પાણી મળી રહે તે માટે અધિકારીઓએ સ્થાનિક વહિવટદાર



અને તલાટી મંત્રી સાથે રહી અને ગંભીરતા પૂર્વક આ પ્રશ્નનો તાત્કાલીક નિકાલ કરવા કામગીરી હાથ ધરી છે. આ સમસ્યાનો ઝડપથી બે દિવસમાં




નિકાલ કરવા ધારાસભ્ય મહેશ કસવાલાએ પણ પાણી પુરવઠા વિભાગ અને સંલગ્ન અધિકારીઓ સાથે વાત કરી હતી.

---

# દિલ્હી ખાતે નાફેડની ચુંટણીમાં મતદાન કરતા મનીષ સંઘાણી

દિલ્હી, તા.૨૧

દિલ્હી ખાતે નાફેડના ડાયરેકટરની ચુંટણી યોજાય હતી. જેમાં ગુજરાત અને ભારત દેશનાં દિગ્ગજ સહકારી નેતાઓ નાફેડનાં ડાયરેકટરને મતદાન કર્યુ હતું ત્યારે અમરેલી અને દેશના દિગ્ગજ નેતા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણી અને યુવા નેતા મનીષ સંઘાણી પણ તેઓનાં મતાધિકારીનો ઉપયોગ કરી નાફેડનાં ડાયરેકટરની ચુંટણીમાં ડાયરેકટરઓના ઉમેદવાર માટે મતદાન કર્યુ હતું.






## સત્તાધારી પક્ષનાં પૂર્વ હોદ્દેદારે જ આક્ષેપ કરતાં ચકચાર મચી

# સાવરકુંડલામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીમાં દે ધનાધન

**જનતા જનાર્દનનાં પરસેવાનાં રૂપિયા ૨૫ કરોડથી સાકાર થતાં કામમાં નિયમોનો ઉલાળીયો**

**શહેરીજનોની સુવિધા અર્થે નાણાંનો ખર્ચ થાય છે કે ભ્રષ્ટાચારીઓની ઘરની તિજોરી ભરવા થાય છે તે સમજાતું નથી**

**પાલિકાનાં શાસકોએ બાંધકામ કરનાર એજન્સીની કામગીરીની તટસ્થ તપાસ કરવી જરૂરી**

**સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલાએ પણ દરમિયાનગીરી કરવી જરૂરી**



સાવરકુંડલા, તા.૨૧
સાવરકુંડલા નગરપાલિકાનાં ગત ટર્મનાં શાસકો દ્વારા ૨૪ કરોડના ભ્રષ્ટાચારની ખૂબ જ ફરિયાદ થવા પામી હતી. આ અંગે પ્રાદેશિક કમિશનર ભાવનગર દ્વારા મહદ અંશે રીકવરી અને બીજા ઘણા પગલા પણ ભરવામાં આવેલ છે. જેને હજુ થોડો સમય જ થયો છે ત્યાં ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની (જીયુડીસી)ની યોજના અંતર્ગત સાવરકુંડલા શહેરના અમરેલી રોડ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)નું રૂા. ૨૫ કરોડ જેટલી રકમનું પાણી શુધ્ધ કરવાનું કામ અંકિતા કન્સ્ટ્રકશન કાં. અમદાવાદ દ્વારા થઈ રહ્યું છે. જેના દ્વારા સાવરકુંડલા નગરપાલિકાનાં ૨૪ કરોડના ભ્રષ્ટાચારના રેકોર્ડ તોડવાની સ્પર્ધા કરવામાં આવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કેમ કે આ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામમાં સાવ લોટ, પાણી અને લાકડા જેવો ઘાટ સર્જાય રહ્યો છે. આ કામના ટેન્ડરની સ્ટીલ ડીઝાઈન મુજબ

અનુસંધાન પાના ૬ ઉપર

## ઉનાનાં ખત્રીવાડા ગામથી રોહીસા જતાં હોય તે સમયે

# જાફરાબાદનાં રવાળા તરીકે ઓળખાતા પુલ નજીક માર્ગ અકસ્માતમાં પિતરાઈ બે ભાઈઓનાં મોત

**ડબલ સવારી બાઈક પુલના ડીવાઇડર સાથે અથડાયું**

અમરેલી, તા.૨૧
ઉના તાલુકાના ખત્રીવાડા ગામે રહેતા રાજેશભાઈ અરજણભાઈ શિયાળ નામનાં ૩૨ વર્ષિય ખેડુત તથા તેમના મોટર સાયકલ પાછળ તેમના કાકાનાં દીકરા અરવિંદભાઈ સાર્દુળભાઈ શિયાળને લઈને બંને ખત્રીવાડા ગામેથી ગત તા.૧૯ ના રાત્રીના ૧૦ વાગ્યાના સમયે રોહીસા આવતા હોય. તે દરમ્યાન જાફરાબાદ નજીક આવેલ રવાળા તરીકે ઓળખાતા પુલ પાસે આવતા આરોપી

અનુસંધાન પાના ૬ ઉપર

## ચાલકથી બ્રેક ન લાગતા લોડરનાં આગળનાં દાંતા શ્રમિકને લાગ્યા

# ચિતલનાં મિલન કોટેક્ષમાં લોડર નીચે આવી જવાથી શ્રમિક કુંવરસિંહનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત

**કપાસનાં ઢગલા ફેરવવાની કામગીરી દરમિયાન ઘટના બની**


અમરેલી, તા.૨૧
મુળ બિહારના વતની અને હાલ ચિત્તલ ગામે રહેતા ગોવિન્દકુમાર ગણેશલાલ સિંહ નામનાં ૨૦ વર્ષિય યુવક આજે સવારના દસ સાડા દસેક વાગ્યે તેમના બનેવી કુવરસિંહ તથા અન્ય મજુરો સાથે ચિતલ ગામે આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)